dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 69 | AD - 2025, Magshar Vad - 08 | Friday, Dt.12-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## જિલ્લામાં ૧૨,૭૧,૩૭૫ મતદારોની સામે ૧૧,૩૨,૨૮૩ મતદારોની ચકાસણી પૂર્ણ કરી દેવામાં આવી

# અમરેલી જિલ્લામાંથી ૧.૩૯ લાખ મતદારોના નામ રદ થવાની સંભાવના




### જિલ્લામાંથી ૮૩,૯૮૮ મતદારોનું કાયમી સ્થળાંતર તેમજ ૩૪,૭૧૩ મૃત મતદારોની યાદી મળી



**મયુર પંડયા**
અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લામાં 'સર'ની કામગીરીનો તા. ૧૧ના રોજ છેલ્લો દિવસ હતો પરંતુ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આ મર્યાદા વધારીને હવે ૧૪ ડિસેમ્બર સુધી કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં **SIR**ની કામગીરી દરમિયાન મતદારોની ચકાસણી દરમિયાન અંદાજે ૧,૩૯,૦૯૨ મતદારોના નામ રદ થવાની સંભાવના છે. કુલ ૩૪૭૧૩ મતદાર મૃત જાહેર થયા છે. જ્યારે ૧૫૩૭૧ મતદાર સ્થળ પર મળી આવ્યા નથી. કુલ ૮૩,૯૮૮ મતદાર કાયમી સ્થળાંતરિત થયેલા છે. જ્યારે ૪૧૨૫ મતદારના નામ મતદારયાદીમાં બેવડાયેલા જાહેર થયા છે ઉપરાંત ૮૯૫ મતદારોની વિગત મળી આવી નથી. અમરેલી જિલ્લામાં કુલ ૧૨,૭૧,૩૭૫ મતદારો છે જેમાંથી ૧૧,૩૨,૨૮૩ મતદારોનું ડિજિટાઈઝેશનની કામગીરી પૂર્ણ કરી નાખવામાં આવી છે. એટલે કે ૮૯.૦૬% કામગીરી કરવામાં આવી છે. મતદાર ગેરહાજર, સ્થળાંતરિત અથવા મૃત થયાનું સામે આવતા આવા તમામ મતદારોની યાદી જાહેર કરવામાં આવી છે અને આ તમામ એએસડી એટલે કે, એબસન્ટ, શિફ્ટેડ અને ડેથ કેટેગરીમાં હોય તેની ચકાસણી બાદ નવી મતદારયાદીમાંથી નામ રદ થશે. રાજ્યમાં **SIR**ની કામગીરી તારીખ ૧૧ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી હતી હવે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આ તારીખ લંબાવી ૧૪ ડિસેમ્બર કરવામાં આવી છે. અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાની પાંચ વિધાનસભા મતવિસ્તારના બૂથ લેવલ ઓફિસર્સ દ્વારા તા.૪-૧૧-૨૦૨૫થી ઘરે-ઘરે જઈને ગણતરી ફોર્મનું વિતરણ તેમજ ભરેલા ફોર્મનું સંકલન હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લામાં ૧૩૭૧ મતદાન મથકના બી.એલ.ઓ. તેમજ બી.એલ.એ. દ્વારા કુલ ૧૨,૭૧,૩૭૫ મતદારની ઘરે-ઘરે ચકાસણી કરી બીએલઓ એપમાં ડિજિટાઈઝેશન કરાયું છે. મહત્ત્વનું છે કે, જિલ્લામાં મતદારોની ચકાસણી દરમિયાન કુલ ૩૪,૭૧૩ મતદાર મૃત જાહેર થયેલ છે. જ્યારે ૧,૩૯,૦૯૨ મતદાર સ્થળ પર મળી આવ્યા નથી. કુલ ૮૩,૯૮૮ મતદાર કાયમી સ્થળાંતરિત થયેલા હોવાનું, જ્યારે ૪૧૨૫ મતદારના નામ મતદારયાદીમાં બેવડાયેલા મળ્યા છે. આ ઉપરાંત ૮૯૫ મતદાર દ્વારા વિગતો જાહેર કરવામાં આવી ન હોય કુલ ૧,૩૯,૦૯૨ મતદાર ગેરહાજર, સ્થળાંતરિત અથવા મૃત હોવાનું સામે આવ્યું છે. આવા **ASD** એટલે કે, એબસન્ટ, શિફ્ટેડ અને ડેથ મતદારોની યાદી **amreli.nic.in** પર પ્રસિદ્ધ કરવામાં આવી છે. ઉપરાંત આવા મતદારોની યાદી બી.એલ.ઓ. પાસે પણ ઉપલબ્ધ હોય ચકાસણી કરવા અનુરોધ કરાયો છે.

### મતદારો પોતાના નામ રદ થયા છે કે નહી તે તપાસી શકે છે

અમરેલી જિલ્લામાં એસઆઈઆરની કામગીરી દરમિયાન કુલ ૧.૩૯ લાખ નામ રદ થવાની સંભાવના છે. જેમાં એબસન્ટ, શિફ્ટેડ અને ડેથ મતદારોની યાદી amreli.nic.in પર પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ યાદીમાં પોતાનું નામ છે કે નહી તે મતદારો આ વેબસાઈટ પર શોધી શકે છે. કદાચ બીએલઓ સ્થળ પર આવ્યા હોય અને મતદાર ન મળે તો આવા નામ આ યાદીમાં મુકાઈ શકે છે તેથી જો આ વેબસાઈટમાં કોઈ મતદાર અમરેલી જિલ્લામાં રહેતો હોય અને આ વેબસાઈટમાં નામ હોય તો તે તાત્કાલિક બીએલઓને જાણ કરી ફોર્મ ભરી શકે છે. મતદાર પાસે હવે ફક્ત ત્રણ દિવસનો જ સમય બચવા પામ્યો છે.

HONDA The Power of dreams
સ્ટાફ જોઈએ છે
સપનાઓ થશે સાકાર...
(1) સેલ્સ એક્ઝિક્યુટિવ (Girl) - 03
(2) હેલ્પર............................04
(3) મિકેનિક..........................03
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ,
અમરેલી, Mo. 82005 00295, 8000230447
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો



# અમરેલી જિલ્લા પંચાયતમાં ચૂંટણી પંચે અનામત બેઠકો અંગે ફાળવણી જાહેર કરી

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લા પંચાયતમાં આગામી ચૂંટણીને લઈ રાજય ચૂંટણી પંચે અનામત બેઠકોની જાહેરાત કરી છે. અમરેલી જિલ્લા પંચાયત ૩૪ બેઠકો ધરાવે છે. જેથી હવે અનામત બેઠકોની ફાળવણીના મુદ્દે અનેક સીટોમાં ફેરફાર થવા થઈ જઈ રહ્યા છે. આ પહેલા રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતો માટે બેઠકો જાહેર કરવામાં આવી હતી. ચૂંટણી પંચ દ્વારા આગામી સમયમાં યોજાનારી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મોટાભાગની બેઠકોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અમુક બેઠકોમાં રાજકીય પક્ષોને ઉમેદવાર શોધવા પણ મુશ્કેલ થઈ પડે છે તેવી સ્થિતિ ઉભી થઈ છે તો અમુક બેઠકો પર રાજકીય પક્ષોને ફરજિયાત નક્કી કરેલી બેઠક પર તે ઉમેદવારને જ ટિકિટ આપવી પડે તેવી સ્થિતિ ઉભી થવાની સંભાવના છે. રાજય ચૂંટણી પંચ દ્વારા અનામત બેઠકો માટે ફાળવણી કરતા રાજકીય પક્ષો અત્યારથી ઉમેદવારોની શોધ શરૂ કરશે તેવું લાગી રહ્યુ છે.

## અમરેલી જિલ્લા પંચાયત સીટ વાઈઝ ફેરફાર

| તાલુકો | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠક |
|---|---|---|
| લાઠી | આંબરડી | બિનઅનામત સામાન્ય |
| લાઠી | ચાવંડ | સામાન્ય સ્ત્રી |
| લાઠી | મતિરાળા | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| અમરેલી | આંકડિયા મોટા | અનુસૂચિત જાતિ |
| અમરેલી | ચિતલ | સામાન્ય સ્ત્રી |
| અમરેલી | કેરિયાનાગસ | સામાન્ય સ્ત્રી |
| રાજુલા | ભેરાઈ | બિનઅનામત સામાન્ય |
| રાજુલા | ચાંચ | સામાન્ય સ્ત્રી |
| રાજુલા | ડુંગર | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| રાજુલા | કોટડી | બિનઅનામત સામાન્ય |
| ધારી | દલખાણીયા | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| ધારી | ધારગણી | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| ધારી | સરસીયા | બિનઅનામત સામાન્ય |
| ખાંભા | ડેડાણ | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| ખાંભા | ખાંભા | બિનઅનામત સામાન્ય |
| ખાંભા | સમઢીયાળા મોટા | બિનઅનામત સામાન્ય |
| બાબરા | દેવળિયા મોટા | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| બાબરા | કરિયાણા | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| બાબરા | કોટડા પીઠા | સામાન્ય સ્ત્રી |
| કુંકાવાવ-વડીયા | દેવગામ | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| કુંકાવાવ-વડીયા | કુંકાવાવ મોટી | અનુસૂચિત જાતિ |
| સાવરકુંડલા | ગાધકડા | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| સાવરકુંડલા | નેસડી | સામાન્ય સ્ત્રી |
| સાવરકુંડલા | શેલણા | બિનઅનામત સામાન્ય |
| સાવરકુંડલા | વંડા | સામાન્ય સ્ત્રી |
| સાવરકુંડલા | વિજપડી | બિનઅનામત સામાન્ય |
| બગસરા | હામાપુર | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| બગસરા | વાઘણીયા જૂના | સામાન્ય સ્ત્રી |
| લીલીયા | લીલીયા | બિનઅનામત સામાન્ય |
| લીલીયા | કાંકચ | સામાન્ય સ્ત્રી |
| જાફરાબાદ | નાગેશ્રી | સામાન્ય સ્ત્રી |
| જાફરાબાદ | ટીંબી | બિનઅનામત સામાન્ય |

# બાબરામાં આકાર લઈ રહેલી સરકારી કોલેજનું પાલિકા પ્રમુખ અને ભાજપ અગ્રણીઓ દ્વારા નિરીક્ષણ

બાબરા,તા.૧૧


તસવીર : દિપક કનૈયા

બાબરા શહેરમાં રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલ અને હાલ નિર્માણાધીન રૂ.૧૪ કરોડના ખર્ચે બની રહેલી સરકારી કોલેજની મુલાકાત પાલિકા પ્રમુખ અને ભાજપના અગ્રણીઓ દ્વારા લેવામાં આવી હતી. સ્થાનિક સરકારી કમળશી હાઈસ્કૂલના કમ્પાઉન્ડમાં બની રહેલી આ નવી ઈમારતની કામગીરી અને ગુણવત્તા ચકાસવા માટે આગેવાનોએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, મહામંત્રી જગદીશભાઈ વાવડીયા તેમજ તાલુકા ભાજપ અગ્રણી અજિતભાઈ ખોખરીયા અને મુકેશભાઈ પીપળવા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અંબરીષ ડેરની પ્રધાનમંત્રી સાથેની મુલાકાતથી રાજકીય માહોલ ગરમાયો

રાજુલા, તા.૧૧


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાના પૂર્વ ધારાસભ્ય અને ભાજપ નેતા અંબરીષ ડેર દ્વારા દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીએ ડેરની રાજુલા નગરપાલિકાના કાર્યકાળ, યુવા ભાજપના કાર્યકર તરીકેની સફર સહિત અનેક જૂની પળોને યાદ કરીને ઉજ્જવળ ભવિષ્યની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ મુલાકાત દરમિયાન કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને લોક સાહિત્યકાર માયાભાઈ આહિર ઉપસ્થિત રહ્યા હતા. અંબરીષ ડેરે પ્રધાનમંત્રી સાથે આ શુભેચ્છા મુલાકાતના ફોટા ફેસબુક પેજ પર પોસ્ટ કર્યા હતા. હાલ તો અંબરીષ ડેરના ચાહકો ખુશખુશાલ જોવા મળ્યા હતા. ડેરના ચાહકોએ સોશિયલ મીડિયા મારફતે પોતાના એકાઉન્ટ પર પીએમ સાથેની પોસ્ટ પણ મૂકી હતી. અંબરીષ ડેરની પ્રધાનમંત્રી સાથે મુલાકાતને લઈ રાજકીય માહોલ ગરમાયો છે અને અનેક તર્કવિતર્કો સર્જાયા છે.

# તથાસ્તુ વિદ્યાપીઠ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે આજથી ત્રિદિવસીય વિપ્ર ડે ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

અમરેલી,તા.૧૧

અમરેલી નજીક લાઠી હાઈવે માર્ગ પર આવેલ તથાસ્તુ વિદ્યાપીઠ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે પૂજ્ય જીગ્નેશ દાદા રાધે રાધેના સાનિધ્યમાં તારીખ ૧૨ ડિસેમ્બર થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ ત્રિદિવસીય વિપ્ર ડે ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૧ ૨૦૨૫ નું આયોજન કરવામાં આવેલ છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શ્રીહરી ઈલેવન રાજકોટ, પરશુરામ ઈલેવન સાવરકુંડલા, પુરુષાર્થ ઈલેવન લાઠી, તથાસ્તુ વોરિયર્સ, દેવલી ઈલેવન રાજકોટ, મહાકાલ ઈલેવન સહિત ગુજરાત ભરમાંથી ૧૬ જેટલી ટીમો ભાગ લેનાર છે.

આ ટુર્નામેન્ટનો સમય સવારના ૮ થી સાંજના ૬ કલાક સુધીનો રહેશે. આ ટુર્નામેન્ટમાં પ્રથમ વિજેતા ટીમને રૂ. ૨૧૦૦૦ રોકડ પુરસ્કાર અને ચેમ્પિયન ટ્રોફી, દ્વિતીય વિજેતા ટીમને રૂ.૧૧,૦૦૦ રોકડ પુરસ્કાર અને રનર અપ ટ્રોફી અને બેસ્ટ બેટ્સમેન અને બેસ્ટ બોલરને ૩૨ ઈંચના ટીવી અને ટ્રોફી પૂજ્ય જીગ્નેશ દાદાના હસ્તે એનાયત કરવામાં આવશે.

**ચાવંડ, બાબરા મુકામે પ્રા.શાળા, આરોગ્ય કેન્દ્ર ખાતે નિરીક્ષણ કર્યું**

# પ્રભારી સચિવ સંદિપકુમાર અમરેલી જિલ્લાની મુલાકાતે

અમરેલી,તા.૧૧



અમરેલી જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારે જિલ્લાના લાઠી તાલુકાના ચાવંડ અને બાબરા મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નંદઘર-આંગણવાડી અને પ્રાથમિક શાળાઓની મુલાકાત લઈને આરોગ્ય સુવિધાઓ, શિક્ષણ વ્યવસ્થા અને મધ્યાહન ભોજન વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંકલનના સર્વે અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. 'વિકસિત ગુજરાત'ની નેમને સાકાર કરવા માટે રાજ્યના તમામ જિલ્લાઓ મહત્વનો ફાળો આપી શકે તે માટે ચોક્કસ દિશામાં આગળ ધપવાની રાજ્ય સરકારની નેમ છે. આ દિશામાં પૂર્વ આયોજન સાથે આગળ વધવા માટે અને વિવિધ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (કુલ ૧૭ ગોલ્સ)માં અમરેલી જિલ્લો ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને નક્કી કરેલા નિશ્ચિત લક્ષ્યાંકો સમય મર્યાદામાં પ્રાપ્ત કરી શકે તે માટે બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારે જિલ્લા સંકલનના સર્વે અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડીને જરૂરી દિશાનિર્દેશો પણ આપ્યા હતા. અમરેલી જિલ્લામાં પણ આ ઈન્ડેક્સ અન્વયે વિવિધ ઈન્ડીકેટર્સમાં લક્ષ્યાંક મુજબ અને આયોજન સાથે પ્રગતિલક્ષી કામગીરી હાથ ધરવામાં આવે તે માટે પ્રભારી સચિવ સંદીપકુમારે ઉપસ્થિત સંકલનના સૌ અધિકારીઓને ભારપૂર્વક સૂચનાઓ આપી હતી.

# ગાધકડા મોમાઈ આશ્રમ ખાતે ભાગવત સપ્તાહની ભવ્ય તૈયારીઓ

સાવરકુંડલા,તા.૧૧



સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે હાલ ભક્તિમય માહોલ છવાયેલો છે. મોમાઈ માતાજીના ૨૫મા પાટોત્સવ અને પૂજાઆપાના ૮૦૬ વર્ષની ઉજવણીના ભાગરૂપે આ ત્રિવિધ ધર્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર કથાનો પ્રારંભ તારીખ ૧૩/૧૨/૨૦૨૫, શનિવારના રોજ થશે અને તેની પૂર્ણાહુતિ તારીખ ૨૦/૧૨/૨૦૨૫, શનિવાર (અમાસ)ના રોજ થશે. આ ભવ્ય પ્રસંગને લઈને હાલ આશ્રમ પરિસરમાં કથા મંડપ સજાવવા સહિતની તમામ વ્યવસ્થાઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. કથા દરમિયાન સમગ્ર પંથકના ભાવિકોને સંગીતમય શૈલીમાં શ્રીમદ્ ભાગવતનું રસપાન કરાવવા માટે વક્તા તરીકે શાસ્ત્રી નવનિતદાદા જાની (ગાધકડા વાળા) બિરાજશે. આ ધાર્મિક કાર્યક્રમમાં અનેક સંતો-મહંતો અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહીને શોભામાં અભિવૃદ્ધિ કરશે. કથાની પૂર્ણાહુતિ બાદ તારીખ ૨૧/૧૨/૨૦૨૫, રવિવારના રોજ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગની વિશેષતા એ છે કે તે દિવસે ગણેશગઢ, કલ્યાણપુર અને ગાધકડા – એમ ત્રણેય ગામોમાં 'ધુમાડાબંધ' જમણવાર રાખવામાં આવ્યો છે. મોમાઈ આશ્રમ પરિવાર વતી હાર્દિક ચંદારાણાએ અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, સમસ્ત ધર્મપ્રેમી જનતાને આ પવિત્ર કથાનું શ્રવણ કરવા અને મહાપ્રસાદનો લાભ લેવા માટે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ધારી પાલિકા માટે વોર્ડની રચના, સીમાંકન તથા બેઠકની ફાળવણી કરતું ચૂંટણી પંચ

અમરેલી,તા.૧૧

રાજ્ય ચૂંટણી આયોગે એક આખરી આદેશ દ્વારા નવરચિત ધારી નગરપાલિકાના વોર્ડની રચના, સીમાંકન તથા બેઠકની ફાળવણી કરી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નિયમાનુસાર વસ્તી વગેરેના માપદંડોને ધ્યાને રાખીને ધારી નગરપાલિકા માટે ૭ વોર્ડની રચના કરવામાં આવી છે. અગાઉ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ધારી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડના સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ જારી કરવામાં આવ્યો હતો. તેના આધારે આયોગને મળેલા સૂચનો આયોગે વિચારણામાં લીધા છે અને મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯-૪ના નિયમ-૮ની જોગવાઈ હેઠળ આયોગે માન્ય રાજકીય પક્ષો સાથે ગત તા. ૨૯.૧૦.૨૦૨૫ના રોજ પરામર્શ કર્યો હતો. આ આખરી આદેશ મુજબ ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયું છે. જે પૈકી ૧ બેઠક સ્ત્રી અનામત રાખવામાં આવી છે. પછાત વર્ગો માટે ૮ બેઠકો અનામત રાખવામાં આવી છે, એ પૈકી ૪ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયું છે. આમ, નવરચિત ધારી નગરપાલિકા માટે ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૩૦,૩૫૨ની વસ્તી છે, જેમાં કુલ ૭ વોર્ડની કુલ ૨૮ બેઠકો રહેશે. જે પૈકી કુલ ૧૯ બેઠકો અનામત રહેશે અને ૯ સામાન્ય રહેશે.









# સાવરકુંડલા ડિવિઝન પોલીસ દ્વારા રૂ. ૩.૪૪ લાખના દારૂના જથ્થાનો નાશ

અમરેલી,તા.૧૧



અમરેલી જિલ્લાના સાવરકુંડલા ડિવિઝન હેઠળ આવતા અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં પકડાયેલ ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાનો વિધિવત નાશ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા કુલ ૭ ગુનાઓમાં પકડાયેલ ૭૩૭ બોટલ, જેની કિંમત રૂપિયા ૩,૪૪,૯૮૮ થાય છે, તેનો સરકારી પડતર જગ્યામાં નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પોલીસ અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સાવરકુંડલા વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીની આગેવાનીમાં આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જૂના કડીયાળી રોડ પર દાનબાપુની જાળ આશ્રમ પાસેની સરકારી ખુલ્લી જગ્યામાં દારૂનો નાશ કરાયો હતો. આ વેળાએ રાજુલા પ્રાંત અધિકારી ડૉ. મેહુલ બારાસરા, રાજુલા પી.આઈ. એ.ડી. ચાવડા, પી.એસ.આઈ. આર.એલ. રાઠોડ, પીપાવાવ મરીન પી.આઈ. એ.આર. છોવાળા, જાફરાબાદ મરીન પી.આઈ. એમ.બી. ગોહિલ, પી.એસ.આઈ. પી.બી. ચાવડા તેમજ નશાબંધી વિભાગના પી.એસ.આઈ. એ.એચ. દવે સહિતના અધિકારીઓ અને પંચો હાજર રહ્યા હતા.

**કયા પોલીસ સ્ટેશનનો કેટલો જથ્થો ?**

૧. રાજુલા પોલીસ સ્ટેશનઃ ૩ ગુનાની ૧૦૦ બોટલ (કિંમત રૂ.૬૧,૬૪૦)

૨. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનઃ ૧ ગુનાની ૮ બોટલ (કિંમત રૂ.૧,૧૪૪)

૩. પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનઃ ૨ ગુનાની ૫૮૬ બોટલ (કિંમત રૂ.૨,૭૮,૪૬૪)

૪. નાગેશ્રી પોલીસ સ્ટેશનઃ ૧ ગુનાની ૪૩ બોટલ (કિંમત રૂ.૩,૭૪૦)

# ધારી-અમરેલી રોડ પર જર ગામના પાટીયા પાસે અકસ્માત

**આઈસર સાથે અકસ્માત થતા કારમાં સવાર પાંચ લોકોને ઈજા**


તસવીર : સંજય વાળા

ધારી,તા.૧૧

ધારી - અમરેલી રોડ પર જર ગામના પાટિયા નજીક સ્વિફ્ટ કાર અને આઈસર મીની ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે સ્વિફ્ટ કારમાં સવાર પાંચ લોકોને ઈજા પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધારી સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી એક વ્યક્તિની હાલત ગંભીર હોવાથી તેને વધુ સારવાર માટે અમરેલી રીફર કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતા ધારી પોલીસે ઘટના સ્થળે પહોંચી અકસ્માત કેવી રીતે બન્યો તેની તપાસ ચાલુ કરી હતી.

# સાવરકુંડલા ટાઉન પોલીસ દ્વારા 'ગુડ ટચ-બેડ ટચ' અંગે માર્ગદર્શન અપાયુ

સાવરકુંડલા,તા.૧૧


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા ટાઉન પોલીસ દ્વારા શાશ્વત સ્કૂલ ઓફ સાયન્સ ખાતે વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને અસુરક્ષિત સ્પર્શ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. પોલીસ સ્ટેશનના સ્ટાફે વિદ્યાર્થીઓને 'ગુડ ટચ' અને 'બેડ ટચ' વિશે સરળ ભાષામાં સમજ આપીને વ્યક્તિગત સુરક્ષા અંગે જરૂરી માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન બાળકોને કોઈપણ અસુરક્ષિત ઘટનાની સ્થિતિમાં તરત જ વિશ્વાસપાત્ર મોટા લોકોને જાણ કરવાની મહત્વપૂર્ણ સૂચનાઓ પણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુરક્ષિત સ્પર્શ અંગે લાભદાયક જાણકારી મેળવી હતી.

# અમરેલી સાંસદ ખેલ મહોત્સવમાં સાવરકુંડલા કન્યાશાળાની વિદ્યાર્થિનીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

સાવરકુંડલા,તા.૧૧



સાવરકુંડલા બ્રાંચ શાળા નં-૨ કન્યા શાળાની વિદ્યાર્થિની ધ્રુવિશા અશોકભાઈ ઘાડિયાએ સિદ્ધિઓ હાંસલ કરીને શાળાનું નામ રોશન કર્યું છે. તેઓએ પહેલા તાલુકા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં ૧૦૦ મીટર દોડમાં પહેલું સ્થાન, લાંબી કૂદમાં પહેલું સ્થાન હાંસલ કરીને જિલ્લા સ્તરે પોતાનું સ્થાન પાકુ કર્યું હતું. ત્યારબાદ જિલ્લા કક્ષાની લાંબી કૂદ સ્પર્ધામાં પણ ધ્રુવિશાએ પહેલું સ્થાન મેળવી ફરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો.

આ શ્રેષ્ઠ પ્રદર્શનને આધારે ધ્રુવિશાનું રાજ્ય કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. તાલુકા કક્ષાની અંડર-૧૪ કોથળા દોડ સ્પર્ધામાં બ્રાંચ શાળા નં.૨ કન્યા શાળા, સાવરકુંડલાની દીકરીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. પ્રથમ સ્થાન દેગામા મિતલ, બીજું સ્થાન ઝાખરા પરી શબ્બીરભાઈ અને ત્રીજું સ્થાન ઝાખરા અલ્ફીઝા સલીમભાઈએ મેળવ્યું હતું.

# સાંસદ ખેલ મહોત્સવમાં સા.કુંડલા જાબાળના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ



સાવરકુંડલા,તા.૧૧

ખેલ મહોત્સવમાં સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. જાબાળ પ્રાથમિક શાળાની અન્ડર-૧૪ બહેનો ખો-ખો સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બની હતી, જ્યારે અન્ડર-૧૪ ભાઈઓએ બીજા ક્રમે સ્થાન મેળવ્યું. આ સિદ્ધિથી શાળા પરિવારમાં આનંદની લાગણી છવાઈ હતી અને વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન તેમજ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ચલાલાના ગાયત્રી સંસ્કાર ધામ ખાતે ૨૮૫મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ અને સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

ચલાલા,તા.૧૧



ચલાલા સ્થિત યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ૨૮૫મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વ રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અને આયુષ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કેમ્પમાં નિષ્ણાત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પમાં કુલ ૭૦ દર્દીઓએ નિદાનનો લાભ લીધો હતો.

લીલાવંતીબેન અશોકભાઈ રાજાણીના જન્મદિવસ નિમિત્તે રાજાણી પરિવાર અને સ્વ. કલ્પેન રાજાણીના આર્થિક સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ (રાજકોટ) અને જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ (અમરેલી)ના સહયોગથી નેત્રયજ્ઞ અંતર્ગત આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાં ડૉ. વાઘેલાએ સેવા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારત ભૂષણ મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન સહિતના સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

# રાજુલાના રામપરા વૃંદાવન ધામમાં ૧૮ લાખના ખર્ચે ગાયો માટે આધુનિક શેડ તૈયાર : ગૌભક્તનું ભગીરથ કાર્ય

રાજુલા,તા.૧૧


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાના રામપરા ગામે નિર્મોહી અખાડાના મહંત રાજેન્દ્ર બાપુના સાનિધ્યમાં વૃંદાવન બાગ (ધામ) આવેલું છે. અગાઉ અહીં ગાયો માટે માત્ર પતરાના શેડ હતા. આ સ્થિતિ જોઈને રાજેન્દ્ર બાપુની પ્રેરણાથી ગામના જ ગૌભક્ત દાતા ભૂપતભાઈ દેવદાસભાઈ વાઘ આગળ આવ્યા હતા. તેમણે રૂપિયા ૧૮ લાખના જંગી ખર્ચે ગાયો માટે અતિ આધુનિક શેડ તૈયાર કરી આપ્યો છે. આ શેડમાં ગાયો માટે ઓટોમેટિક પાણી મળી રહે તેવી વ્યવસ્થા, ગરમીમાં રાહત માટે ઉપર પંખા અને બીમાર ગાયો માટે ગોદડા જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ જગ્યાના વિકાસમાં મહંત રાજેન્દ્ર બાપુનો ફાળો અમૂલ્ય છે. દેશભરના સાધુ સમાજના મોટા આયોજનો અને કુંભ મેળા જેવા આયોજનોમાં પણ તેઓ સક્રિય રહે છે, અને તાજેતરમાં ૨૭ના કુંભ મેળાનું ભવ્ય આયોજન પણ તેમના દ્વારા થઈ રહ્યું છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

ગં.સ્વ.ઉષાબેન જીવણલાલનો તા.૧૦/૧૨/૨૦૨૫ને શુક્રવાર રોજ સ્વર્ગવાસ થયો છે. તે જીવણલાલ મોતિસિંગના ધર્મપત્ની થાય છે. તેમનું બેસણુ તા.૧૨/૧૨/૨૦૨૫ના રોજ સાંજે ૪:૩૦થી ૫:૩૦ કલાકે કૃષ્ણ કુંજ સોસાયટ શેરી નંબર ૨ રૈયા રોડ નવધણ ચા વાળો રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**જસદણ**

સ્વ.મેનલભાઈ નરેશભાઈ રાજાણી(ઉ.વ.૪૫)નું તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.નરેશભાઈ વૃજલાલ રાજાણીના પુત્ર, દીપેશભાઈ, હાર્દિકભાઈના મોટાભાઈ, વરૂણભાઈના પિતા થાય છે.

**સાવરકુંડલા**

સ્વ.નટવરલાલ સાકરલાલ મગીયા(ઉ.વ.૮૮)નું તા.૧૨/૧૨/૨૦૨૫ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કિરણભાઈ, વિપુલભાઈ, અતુલભાઈના પિતાશ્રી થાય છે. સદગતની સાદડી તા.૧૨/૧૨/૨૦૨૫ને શુક્રવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે શ્રી ક્માબાપા દોશી વાડી દેરાસર શેરી, મેઈનબજાર, સાવરકુંડલા ખાતે રાખેલ છે.




# સા.કુંડલાની મનીષાબેને હાર્મોનિયમની સ્પર્ધામાં ઝોન કક્ષાએ બીજો ક્રમ મેળવ્યો

સાવરકુંડલા,તા.૧૧



નવું શીખવા કે કોઈ પણ કલાને આત્મસાત કરવા માટે ઉંમરનો કોઈ બાધ હોતો નથી, આ વાતને સાવરકુંડલાના મનીષાબેન વરુણભાઈ કુંભાણીએ સાબિત કરી છે. પટેલ કેમિકલવાળા વરુણ કુંભાણીનાં પત્ની મનીષાબેનની સંગીતયાત્રા ખૂબ પ્રેરણાદાયી છે. તેઓ પોતાના દીકરા તિગ્માંશુને સંગીત શીખવવા માટે લઈ જતા હતા, તે દરમિયાન તેમને પણ હાર્મોનિયમ શીખવામાં ઊંડી રુચિ જાગી હતી. આ રુચિને તેમણે માત્ર શોખ ન રહેવા દીધો, પરંતુ તેને સિદ્ધિમાં પરિવર્તિત કરી હતી. તેમણે સતત ત્રણ વર્ષ સુધી હાર્મોનિયમની નિયમિત પ્રેક્ટિસ કરી હતી. તેમણે સાવરકુંડલા તાલુકા કક્ષાની હાર્મોનિયમ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. આ પછી, તેમણે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ સફળતા મેળવી હતી. તાજેતરમાં જ યોજાયેલી ઝોન કક્ષાની પ્રતિષ્ઠિત સ્પર્ધામાં મનીષાબેને સમગ્ર સૌરાષ્ટ્રમાં દ્વિતીય ક્રમ મેળવીને એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ સિદ્ધિએ સાવરકુંડલાનું નામ ગૌરવભેર રોશન કર્યું છે. મનીષાબેને સમાજને એક સંદેશ આપ્યો છે કે નવું શીખવા માટે કોઈ ઉંમર નાની કે મોટી હોતી નથી અને ધગશ તથા નિયમિત અભ્યાસથી કોઈ પણ મુકામ હાંસલ કરી શકાય છે.







**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૩૨/૨૦૨૫

અરજદાર : શ્રી શિયાળ શાંતુબેન વશરામભાઈ
સરનામુ : મું.ભાંકોદર તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ભાંકોદર
મું.ભાંકોદર તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ભાંકોદર** ગામના **શ્રી શિયાળ શાંતુબેન વશરામભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી કિંજલબેન વશરામભાઈ શિયાળ નો જન્મ** તા.૩૧/૦૩/૨૦૧૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.આર.જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦ માહે. ઓગષ્ટ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૦/૦૮/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**



## નોંધાયેલી ફરિયાદ માત્ર હિમશીલાની ટોચ જેટલી!

# અમરેલી પંથકમાં પોલીસે સાયબર ફ્રોડનો ધમધમાટ શરૂ કર્યો : અનેક લોકો ઝપટે ચડ્યા

**રૂપિયા ક્યાંથી અને કયા ખાતામાંથી આવ્યા તેની તપાસ શરૂ**

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં સાયબર ક્રાઈમની પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં અનેક લોકો ઝપટે ચડ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, અમરેલીના ચિતલ રોડ પરની શ્રી રંગ સોસાયટીમાં રહેતા કુલદીપભાઈ રમેશભાઈ ભુવા નામના આરોપીએ ગુનાહિત પ્રવૃત્તિ આચરી હતી. તારીખ ૨૮/૦૪/૨૦૨૫ના રોજ, આરોપીએ બેન્ક ઓફ ઈન્ડિયાના તેમના ખાતા નંબર ૨૭૪૦૧૦૫૧૦૦૦૧૫૦૫ માં સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા કુલ રૂ.૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ રૂપિયા) RTGS, NEFT અને IMPS જેવા માધ્યમો દ્વારા જમા કરાવ્યા હતા. આ રકમ સાયબર ફ્રોડ દ્વારા મેળવવામાં આવી હતી. રકમ પોતાના બેંક ખાતામાં જમા કરાવ્યા બાદ આરોપીએ તરત જ આ રૂપિયાને પોતાના ખાતામાંથી સગેવગે (ખસેડી) કરી દીધા હતા, જેથી પોલીસને નાણાં ટ્રેસ કરવામાં મુશ્કેલી પડે. આ સમગ્ર મામલે સંબંધિત પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને આરોપી કુલદીપ ભુવા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે આ સાયબર ફ્રોડની સમગ્ર મોડસ ઓપરેન્ડી અને આ રૂપિયા ક્યાંથી અને કયા ખાતામાંથી આવ્યા હતા તે દિશામાં ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી હતી.

બીજા બનાવમાં લીલીયાના વાઘણીયા ગામના વિરેનભાઈ કાંતીભાઈ શેલડીયાએ પોતે ઓપરેટ કરતા બે બેંક ખાતામાં સાયબર ફ્રોડ દ્વારા મેળવેલી મોટી રકમ જમા કરાવીને તેને સગેવગે કરી દીધી હતી. આરોપીએ પોતાના નામે તેમજ ખોડીયાર કિરાણાના નામે અનુક્રમે એકાઉન્ટ નં. ૧૩૬૪૭૦૧૩૩૦૦૬ અને એકાઉન્ટ નં. ૨૪૨૭૨૯૫૧૬૪૯૨ ધરાવતા બે બેંક ખાતાઓનો ઉપયોગ કર્યો હતો. તારીખ ૨૬/૦૩/૨૦૨૫ થી ૦૨/૦૭/૨૦૨૫ના સમયગાળા દરમિયાન આરોપીએ કુલ રૂ. ૧૨,૧૦,૬૫૭ સાયબર ફ્રોડ દ્વારા મેળવીને આ ખાતાઓમાં જમા કરાવ્યા હતા. આરોપીએ આ રકમ સાયબર ફ્રોડની હોવાનું જાણવા છતાં, પોતાના અંગત આર્થિક ફાયદા માટે આ સમગ્ર રકમને RTGS, NEFT અને IMPS જેવા ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા વીડ્રો (ઉપાડી) અથવા ટ્રાન્સફર કરાવીને સગેવગે કરી દીધી હતી.

ત્રીજી ઘટનામાં જિલ્લામાં સાયબર ક્રાઈમ દ્વારા મેળવેલી રકમને છુપાવવા અને અંગત આર્થિક લાભ મેળવવા માટે બે આરોપીઓએ એકબીજાને મદદગારી કરીને ગુનો આચર્યો હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. આરોપીઓમાં શૈલેષ રુગનાથભાઈ કુબાવત (રહે. બાબરા) અને હિતેશભાઈ કાળુભાઈ મેર (રહે. કરિયાણા, તા. બાબરા) નો સમાવેશ થાય છે. શૈલેષ કુબાવતે સાયબર ક્રાઈમ ફ્રોડના પૈસા હોવાનું જાણવા છતાં, પોતાના આર્થિક લાભ માટે તેના બેંક ખાતાની વિગતો આરોપી હિતેશ મેરને પૂરી પાડી હતી. હિતેશ મેરે સાયબર ક્રાઈમ ફ્રોડની રકમ આ ખાતામાં જમા કરાવી હતી. આ બંને આરોપીઓએ એકસંપ થઈને આ સાયબર ક્રાઈમ ફ્રોડના રૂપિયાને બેંક ખાતામાં સમયાંતરે અને વારંવાર RTGS તેમજ NEFT મારફતે મેળવ્યા હતા. ત્યારબાદ સેલ્ફ ચેક દ્વારા આ રકમ ઉપાડી લઈને સગેવગે કરી દીધી હતી. પોતાના આર્થિક લાભ માટે એકબીજાને મદદગારી કરીને ગુનો આચરવા બદલ પોલીસે શૈલેષ કુબાવત અને હિતેશ મેર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને તેમની ધરપકડ સહિતની તજવીજ શરૂ કરી હતી.

ચોથા બનાવમાં સીમ કાર્ડ, ATM અને પાસબુક આપી સાયબર ફ્રોડ આચરવામાં આવ્યું હતું. સુરત-અમરેલીના બે યુવકોએ UPI/IMPS થી લાખોની ઉચાપત કરી હતી. આશિષભાઈ મધુભાઈ દાફડા (રહે. દેવગામ,તા. વડીયા, કુંકાવાવ, જિ. અમરેલી) અને મયુરભાઈ ઉર્ફે સન્ની વસંતભાઈ સાંડીશ (રહે. સુરત) સામે ફરિયાદ નોંધાઈ હતી. આરોપી આશિષ દાફડાએ પોતાના આર્થિક લાભ માટે ગુનાહિત કાવતરું રચ્યું હતું. તેણે સાયબર ક્રાઈમ ફ્રોડના રૂપિયા હોવાનું જાણવા છતાં, યસ બેંકના પોતાના એકાઉન્ટ નંબર ૧૧૮૧૫૧૪૦૦૦૦૧૫૯૨ ની તમામ વિગતો આરોપી મયુર ઉર્ફે સન્ની સાંડીશને પૂરી પાડી હતી. આટલું જ નહીં, આશિષે પોતાના બેંક એકાઉન્ટની ઓરિજિનલ પાસબુક, ચેકબુક, ATM કાર્ડ અને પોતાના નામે આવેલું VI કંપનીનું સિમકાર્ડ (નંબર ૭૯૯૦૮૭૯૧૭૨) પણ સુરતના આરોપી મયુર ઉર્ફે સન્નીને સોંપી દીધું હતું. ત્યારબાદ, બંને આરોપીઓએ એકસંપ થઈને કાવતરું કર્યું અને સાયબર ક્રાઈમ ફ્રોડની રકમ આ બેંક ખાતામાં UPI તેમજ IMPS મારફતે જમા કરાવી હતી. રકમ જમા થયા બાદ તાત્કાલિક તે રકમને વીડ્રો કરીને સગેવગે કરી દીધી હતી. પોલીસે આ બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે, જેમાં સાયબર ફ્રોડ દ્વારા મેળવેલી રકમ કેટલી હતી અને તે ક્યાંથી આવી હતી, તેમજ આ રકમ ક્યાં ટ્રાન્સફર કરવામાં આવી તે અંગેની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. જિલ્લામાં સાયબર ફ્રોડની તપાસના પાંચમા બનાવમાં બાબરાના શખ્સે SBI અને BOB ખાતામાં રૂ.૧૯.૪૧ લાખનું સાયબર ફ્રોડ કર્યુ હતું. મોટી રકમ સગેવગે કરવાના ગુનામાં સંડોવણી સામે આવી હતી. કૌશિક જયસુખભાઈ કટારીયા (રહે. ખાખરીયા, તા. બાબરા, જિ. અમરેલી) એ ૧૯/૦૭/૨૦૨૫ થી ૨૫/૦૯/૨૦૨૫ દરમિયાન ગુનો આચર્યો હતો. આરોપી કૌશિક કટારીયાએ સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવાના ઈરાદાથી પોતાના નામે ચાલતા બે બેંક ખાતાઓનો ઉપયોગ કર્યો હતો. SBI બેંક, બાબરા (એકાઉન્ટ નં. ૪૪૨૮૧૩૪૩૮૫૭): આ ખાતામાં સાયબર ફ્રોડના કુલ રૂ.૧૮,૯૯,૦૦૦/- જમા કરાવ્યા હતા. જ્યારે બેંક ઓફ બરોડા, બાબરા (એકાઉન્ટ નં. ૩૨૭૭૦૧૦૦૦૧૯૧૩૨): આ ખાતામાં સાયબર ફ્રોડના કુલ રૂ.૪૨,૦૦૦/- જમા કરાવ્યા હતા. આમ, આરોપીએ પોતાના અંગત આર્થિક ફાયદા માટે કુલ રૂ.૧૯,૪૧,૦૦૦/- ની રકમ સાયબર ફ્રોડની હોવાનું જાણવા છતાં, તે રકમને RTGS, NEFT અને IMPS જેવા માધ્યમો દ્વારા પોતાના બેંક ખાતાઓમાં જમા કરાવીને, તે રકમને સગેવગે કરી હતી. પોલીસ આ સાયબર ફ્રોડના મૂળ સ્રોત અને નાણાંના અંતિમ ગંતવ્ય વિશે વધુ તપાસ કરી રહી છે.

# અમરેલીમાં મિત્ર સાથેના ઝઘડાનું મનદુઃખ રાખી યુવક પર હુમલો

અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરમાં જૂની બોલાચાલીના મનદુઃખને કારણે એક યુવક પર ચાર જેટલા આરોપીઓએ જીવલેણ હુમલો કર્યો હોવાની ગંભીર ઘટના સામે આવી હતી. સમીરભાઈ વિરાભાઈ સોંધરવાએ યશરાજ સરવૈયા, સુજલ ગોહિલ, ફીરદોશ સુમરા તથા ભવદીપસિંહ સરવૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ, તેમના મિત્ર વિવેક સાથે આ કામના યશરાજ સરવૈયાને અગાઉ બોલાચાલી થઈ હતી. તેઓ તેમના મિત્ર વિવેક સાથે રહેતા હોવાથી આ વાતનું મનદુઃખ રાખીને આરોપીએ તેમને નિશાન બનાવ્યા હતા. આ ત્રણેય આરોપીઓએ ફરિયાદીને શરીરે ઢીકા-પાટુ અને કમરપટ્ટાથી બેરહેમીથી માર માર્યો હતો. જેના કારણે ફરિયાદીને શરીર પર તેમજ ડાબા કાન પર ઈજાઓ પહોંચી હતી. ઉપરાંત મારી નાખવાની ધમકી પણ આપી હતી. અમરેલી એસટી એસસી સેલના નયના ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં ચોંકાવનારો બનાવ: વાડીએ પાણી પીવાથી યુવકને ઝેરી અસર

લાઠી, તા.૧૧

લાઠી તાલુકામાં એક વિચિત્ર અને ગંભીર બનાવ સામે આવ્યો છે, જેમાં વાડીએ પાણી પીવાથી એક વ્યક્તિને ઝેરી દવાની અસર થઈ હતી અને તેમને તાત્કાલિક સારવાર માટે દાખલ કરવા પડ્યા હતા. બનાવની વિગતો મુજબ, આ કામના ફરિયાદી/ભોગ બનનારને પાણીની તરસ લાગતા તેઓ પોતાની વાડીએ ગયા હતા. વાડીમાં પાણીની મોટર ચાલુ હતી, અને બાજુમાં એક ગ્લાસ પડેલો હતો. ભોગ બનનારે તે ગ્લાસ વડે પાણી ભરીને પીધું હતું. પાણી પીતા જ તેમને ઝેરી દવાની તીવ્ર વાસ આવી હતી. આ ઝેરી દવાની વાસ આવતાની સાથે જ ભોગ બનનારને ઝેરી દવાની અસર થવા લાગી હતી. બનાવની ગંભીરતા જોતાં, ભોગ બનનારને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# અમરેલી બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં 'સરગવો એ જ સંજીવની' કૃતિનું બહુમાન!

**બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શક શિક્ષકને ગોલ્ડ મેડલ, શિલ્ડ એનાયત કરાયા**

અમરેલી,તા.૧૧



અમરેલી જિલ્લા કક્ષા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં લીલીયા તાલુકાની હરિપર પ્રાથમિક શાળાની ઉત્તમ કૃતિ "સરગવો એ જ સંજીવની" ને જિલ્લાના અધિકારીઓ દ્વારા બહુમાન આપવામાં આવ્યું હતું. બાળ વૈજ્ઞાનિકો કરિશ્મા આર. ગોગદાણી (ધો.૭) અને તૃપ્તિ બી. વાઘેલા (ધો.૮), તેમજ માર્ગદર્શક શિક્ષક રાજેશભાઈ પાનસુરીયાને પ્રમાણપત્ર, ગોલ્ડ મેડલ, શિલ્ડ અને ફોલ્ડર ફાઈલ એનાયત કરવામાં આવ્યા હતા.

# બાબરાના વાવડા ગામે ગેસ લીકેજથી મોટો બ્લાસ્ટ: મહિલા ગંભીર રીતે દાઝી

બાબરા, તા.૧૧

બાબરા તાલુકાના વાવડા ગામે એક ગંભીર દુર્ઘટના બની હતી, જેમાં ગેસ લીકેજને કારણે ભીષણ વિસ્ફોટ થતાં એક મહિલા દાઝી ગઈ હતી અને ઘરના માળખાને નુકસાન પહોંચ્યું હતું. બનાવની વિગતો મુજબ, ગામના હિંમતભાઈ ખીમાણીના ઘરમાં રસોડામાં ઈન્ડિયન કંપનીનો ગેસ સિલિન્ડર હતો, જેનો ઉપયોગ રસોઈ બનાવવા માટે થતો હતો. ગત રાત્રિ દરમિયાન, ગેસ સ્ટવ કે તેની પાઈપમાંથી કોઈક કારણોસર ગેસનું લીકેજ થયું હતું. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, શોભાબેન હિંમતભાઈ ખીમાણી ચા બનાવવા માટે રસોડામાં ગયા હતા. તેમણે ગેસ ચાલુ કરીને જ્યારે આગ પ્રગટાવી, ત્યારે રસોડામાં એકઠો થયેલો લીકેજ ગેસ તેના સંપર્કમાં આવતા મોટો બ્લાસ્ટ (વિસ્ફોટ) થયો હતો. જેના કારણે શોભાબેન ખીમાણી ગંભીર રીતે દાઝી ગયા હતા. આ ઘટના બનતા જ સ્થાનિકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ નોંધણી કરાવી લેવી

**નોંધણી વહેલા તે પહેલાના ધોરણે કરવાની કામગીરી શરૂ**

અમરેલી,તા.૧૧

પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત ત્રણ ગામોનું એક ક્લસ્ટર બનાવવામાં આવ્યું છે, જેમાં અમરેલી જિલ્લાના કુલ ૨૦૫ ક્લસ્ટરમાં કોમ્યુનિટી રિસોર્ટ પર્સન (સી.આર.પી) અને કૃષિ સખી નિમણૂક થયેલ છે, તેમના દ્વારા દરેક ક્લસ્ટરના ત્રણ ગામમાં ૧૨૫ પ્રાકૃતિક કૃષિ કરતા અથવા કરવા માગતા કે પ્રાકૃતિક ખેતી શરૂ કરેલ ખેડૂતની ઓનલાઈન નોંધણી વહેલા તે પહેલાના ધોરણે કરવાની કામગીરી હાલ શરૂ છે. એટલે ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિના ખેડૂત તરીકે સી.આર.પી. કે કૃષિ સખી પાસે નોંધણી કરાવી લેવી. આમ, ભવિષ્યમાં અને હાલમાં સરકાર તમામ પ્રાકૃતિક કૃષિની પ્રોત્સાહન યોજનાઓ તથા પ્રવૃત્તિમાં નોંધાયેલ ખેડૂતો ઉપર અરજી કરવાની હોય અને જે જોડાવા માંગતા હોય તેઓએ તેમજ જીવામૃત, ઘન જીવામૃત બનાવવા માટેનું યુનિટ તેમજ પ્રાકૃતિક કૃષિનું મોડેલ ફાર્મ બનાવવા માંગતા ખેડૂતોએ સહાય માટે CRP, કૃષિ સખી, તાલુકાના પ્રોજેક્ટ મેનેજર, બી.ટી.એમ આત્મા અથવા ગ્રામસેવકનો સંપર્ક કરી અરજી આપવાની રહેશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ આઠમ
તા. ૧૨-૧૨-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૧૫,
સૂર્યાસ્ત-૦૫:૫૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

### દૈનિક રાશિફળ

તા.૧૨-૧૨-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજે તમારા માટે શુભ દિવસ છે અને આજે તમારા અટકેલા પૈસા ફરી મળી શકે છે.

વૃષભ: આજનો દિવસ શુભ દિવસ છે અને ભાગ્યની મદદથી તમને તે બધું મળશે જેનો તમે વિચાર કરી રહ્યા હતા.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે અને તમે આજે કોઈ કામમાં ફસાઈ જશો. આજે કેટલીક વિશેષ વ્યવસ્થા કરવામાં ખર્ચ કરવામાં આવશે.

કર્ક: આજે તમને દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરશે. આજે તમારી પ્રતિષ્ઠા વધશે અને તમારી લોકપ્રિયતા પણ વધશે.

સિંહ: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત બની શકે છે. નોકરી હોય કે ધંધો આજે તમારે બંને માટે દોડવું પડી શકે છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને ક્યાંકથી મોટી રકમની અપેક્ષા છે. અચાનક મોટી રકમની આવકને કારણે ભંડોળમાં વધારો થશે.

તુલા: આજનો દિવસ તમારા માટે ખૂબ વ્યસ્ત રહેશે. આજે ભાગદોડ રહેશે. તમારે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે, તમારું સ્વાસ્થ્ય પણ નરમ રહેશે.

વૃશ્ચિક: આજે તમને સફળતા મળશે. આજે તમારી ઇચ્છા પૂર્ણ થશે અને તમને સફળતા મળશે. શુભ કાર્યો સ્થાનિક સ્તરે પણ ગોઠવી શકાય છે.

ધન: આજે તમારો દિવસ કેટલાક મામલે પ્રતિકૂળ હોઈ શકે છે. આજે તમને ક્યાંકથી સારો નફો મળી શકે છે પરંતુ તમારો ખર્ચ પણ ક્યાંક વધી શકે છે.

મકર: આજનો દિવસ તમારા માટે આનંદદાયક અને શુભ છે અને તમારી ખુશીમાં વધારો થશે.

કુંભ: આજે તમારો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે અને તમે જૂના બગડેલા કામને સુધારવાનો પ્રયત્ન કરશો. કોઈ નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે.

મીન: આજે તમારો દિવસ દાનમાં વિતાવશો. તમારે સંવેદનશીલતાથી તમારી જાતની સંભાળ લેવી પડશે.

# સ્માર્ટ ફોનની ખરીદી માટે જિલ્લાના ખેડૂતો માટે રાજ્ય સરકારની સહાય

અમરેલી,તા.૧૧

રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને સરકારની તમામ યોજનાઓની માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ થઈ શકે તે માટે "મારી યોજના પોર્ટલ" શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ પર રાજ્ય સરકારની તમામ યોજનાઓની માહિતી, અરજી કરવાની લિંક અને જરૂરી લાયકાતો સહિતની જીણવટભરી વિગતો સરળતાથી મળી જાય છે. મારી યોજના પોર્ટલ પર 'સ્માર્ટ ફોન ખરીદી માટે સહાય' યોજનાની માહિતી આપવામાં આવી છે. કૃષિ ક્ષેત્રે દિનપ્રતિદિન ડિજિટલ સેવાઓનો વ્યાપ વધી રહ્યો છે. કૃષિ ક્ષેત્રે ડગલે ને પગલે ખેડૂતો આઈ.ટી. ટેક્નોલોજીના ઉપયોગ થકી અદ્યતન તકનીકો અપનાવીને પોતાની આવકમાં વધારો મેળવતા થયા છે. ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળ 'સ્માર્ટ ફોન ખરીદી માટે સહાય' યોજના અમલી છે. આ યોજના હેઠળ ખેડૂતોને સ્માર્ટ ફોનની ખરીદી કર્યેથી રૂ. ૧૫ હજાર સુધીની કિંમત પર સહાય મળવાપાત્ર છે. જેમાં ખેડૂતને સ્માર્ટફોનની ખરીદ કિંમતના ૪૦ ટકા લેખે સહાય અથવા રૂ. ૬ હજાર બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર છે. આ યોજના હેઠળ ખેડૂતો માત્ર એક જ વાર સહાય મેળવી શકે છે. હવામાન ખાતાની આગાહી, વરસાદ સંબંધિત આગાહી, સંભવિત રોગ જીવાત ઉપદ્રવની માહિતી, ખેડૂત ઉપયોગી પ્રકાશનો, નવીનતમ ખેત પદ્ધતિ, ખેતીવાડી શાખાની સહાય યોજનાઓની માહિતી મેળવવા માટે સ્માર્ટફોન ખેડૂતોને ઉપયોગી નીવડે છે.

# બહારથી આવતા શ્રમિકોની જાણ પોલીસને કરવા અંગે જાહેરનામુ

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લામાં બનતા ગુનાઓ અટકાવવા અને ગુનાશોધન પ્રક્રિયા માટે જરૂરી વિગતો ઉપલબ્ધ બને તે ઉપરાંત બહારથી આવતા શ્રમિકો સાથે કોઈ અઘટીત બનાવ બને તેવા સંજોગોમાં તેઓને જરૂરી પ્રશાસનિક મદદ મળી રહે તે હેતુથી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ શ્રમિકોના નામ સરનામા સહિતની વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા માટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જિલ્લામાં રાજ્ય કે જિલ્લા બહારના કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ, ઢાબા, રેસ્ટોરન્ટ, ફેક્ટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલરકામ કરતા કારીગરો તથા ઔદ્યોગિક એકમમાં કામ કરવા આવતા કારીગરો, મજૂરો તથા ખેત-મજૂરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલિક, મુકાદમનું નામ સરનામું વગેરે વિગત સાથેનું નિયત ફોર્મ સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરી નોંધણી કરાવવાની રહેશે.

# બગસરાના માવજીંજવા ગામના યુવકને આંતરી ત્રણ શખ્સોએ હુમલો કર્યો

**ઢીકા-પાટુનો મુંઢમાર માર્યો**

બગસરા, તા. ૧૧

બગસરાના માવજીંજવા ગામના એક યુવકને આંતરીને ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો. તેમજ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. બનાવ અંગે કુલદીપપરી જયસુખપરી ગોસાઈ (ઉ.વ.૨૩) એ સુરેશભાઈ ઉર્ફે જીગો બાલુગીરી ગોસાઈ (રહે. માવજીંજવા), હરેશભાઈ ઉર્ફે પીન્ટુ બાલુગીરી ગોસાઈ (રહે.હાલ સુરત મૂળ રહે. માવજીંજવા) તથા જયેશગીરી કાળુગીરી ગોસાઈ (રહે.હાલ સુરત મૂળ રહે. માવજીંજવા) સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તે દિવસે રાત્રે છેલપરી ગોસાઈના ઘરે જમવા ગયા હતા અને જમીને પરત પોતાના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન, માવજીંજવા ગામે ડમરાળા રોડ પર આવેલા હનુમાનજીના મંદિર પાસે પહોંચતા જ, આરોપીએ તેમને ઉભા રાખી દીધા હતા અને તેમનો કાંઠલો (બાંય) પકડીને ઝપાઝપી શરૂ કરી હતી. આ સમયે અન્ય બે આરોપી ફોર-વ્હીલ કાર લઈને ત્યાં આવી પહોંચ્યા હતા. પોલીસે આ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ હુમલો કરવા, માર મારવા અને ગાળો આપીને ગુનો આચરવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાઈક પર બેસાડવાનું ભારે પડ્યું: રૂપિયા ૧૭,૫૦૦ની ચોરી

**કડીયાળીથી ભેરાઈ બ્રિજ વચ્ચે અજાણ્યા ઈસમોનો હાથફેરો**

મરીન પીપાવાવ, તા. ૧૧

મરીન પીપાવાવમાં હાઈવે પર બાઈક પર બેસાડવાનું ભારે પડ્યું હતું. કડીયાળીથી ભેરાઈ બ્રિજ વચ્ચે અજાણ્યા ઈસમોએ રૂપિયા ૧૭,૫૦૦ની ચોરી કરી હતી. આ અંગે મહુવામાં રહેતા લાભેશપરી કેશવપરી ગૌસ્વામી (ઉ.વ.૩૫)એ રાજુલામાં રહેતા સોનુભાઈ ઉર્ફે ભુરો કિશોરભાઈ સોલંકી (ઉ.વ.૨૫) સહિત બે ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ ચાલીને જતા હતા તે દરમિયાન સોનુભાઈ સહિત અજાણ્યા ઈસમોએ તેમને પોતાની મોટર સાઈકલ પર વચ્ચે બેસાડ્યા હતા. આ દરમિયાન, આ સોનુભાઈ અને એક અજાણ્યા ઈસમે ચાલાકીપૂર્વક ફરિયાદીના પેન્ટના પાછળના ખિસ્સામાં રહેલ રૂ.૫૦૦ના દરની ૩૫ ચલણી નોટો મળીને કુલ રૂ.૧૭,૫૦૦ની રોકડ રકમની ચોરી કરી હતી. ચોરી કરીને સોનુભાઈ અને એક અજાણ્યા ઈસમ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. સમગ્ર મામલે પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

## અમદાવાદના આંગણે અનોખો રમતોત્સવ

અમદાવાદનું કોમનવેલ્થ ગેમનું વૈશ્વિક મંચ હવે રાષ્ટ્રની ઓળખ બનશે. અમદાવાદ માટે સૌથી મોટી ખુશખબરી છે એ કોમનવેલ્થ ગેમ્સ (CWG) ૨૦૩૦નું યજમાન પદ પ્રાપ્ત થયું છે. આ માત્ર રમતગમતનું મેગા ઈવેન્ટ નથી. તે શહેરના વિકાસનું વિશાળ કેન્વાસ છે. આ સમાચારથી અમદાવાદ-ગાંધીનગર પ્રદેશમાં નવી ઊર્જા જાગી છે. તે વિકાસ, આધુનિકીકરણ અને વૈશ્વિક ઓળખના નવા યુગની શરૂઆત કરે છે. અમદાવાદના આંગણે રાષ્ટ્રકુળ રમતોત્સવ એટલે સદભાવનાનો મહાકુંભ. કોમનવેલ્થ ગેમ્સ, જેને રાષ્ટ્રકુળ રમતોત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ખરેખર એક અદ્ભુત આંતરરાષ્ટ્રીય બહુ-રમતગમત કાર્યક્રમ છે. આ રમતોત્સવ મુખ્યત્વે એવા રાષ્ટ્રોના એથ્લેટ્સને એક મંચ પર લાવે છે, જેઓ ભૂતકાળમાં બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ રહ્યા છે. દર ચાર વર્ષે યોજાતો આ મહાકુંભ, કોમનવેલ્થ દેશો વચ્ચે માત્ર રમતગમતની સ્પર્ધા જ નહીં, પરંતુ સદ્ભાવના, મિત્રતા અને સહિયારી ભાવનાને પ્રોત્સાહન આપવાનો પવિત્ર ઉદ્દેશ્ય ધરાવે છે. ઐતિહાસિક વિગતો મુજબ સામ્રાજ્યથી રાષ્ટ્રકુળ સુધી આ ગેમ્સની શરૂઆત એક સદી કરતાં પણ પહેલાં, ૧૮૯૧ માં થયેલા એક વિચારથી થઈ હતી. રેવરન્ડ એશ્લે કૂપર નામના એક દ્રષ્ટાએ બ્રિટિશ સામ્રાજ્યના દેશોને એકસાથે લાવવા માટે એક રમતગમત સ્પર્ધા યોજવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જોકે, આ વિચારને સાકાર થતા ઘણા વર્ષો લાગ્યા. આખરે, પ્રથમ સત્તાવાર ગેમ્સ વર્ષ ૧૯૩૦ માં કેનેડાના હેમિલ્ટન શહેરમાં યોજાઈ હતી. શરૂઆતમાં આ ગેમ્સને 'બ્રિટિશ એમ્પાયર ગેમ્સ' તરીકે ઓળખવામાં આવતી હતી. સમયની સાથે રાષ્ટ્રોની સ્વતંત્રતા અને સંયુક્ત રાષ્ટ્રકુળની રચના થતાં, તેના નામમાં પણ પરિવર્તન આવ્યું. ૧૯૫૪ થી ૧૯૬૬ દરમિયાન તેને 'બ્રિટિશ એમ્પાયર અને કોમનવેલ્થ ગેમ્સ' કહેવાઈ, ત્યારબાદ થોડા સમય માટે 'બ્રિટિશ કોમનવેલ્થ ગેમ્સ' તરીકે જાણીતી થઈ. અંતે, ૧૯૭૮ માં તેને કાયમી ધોરણે 'કોમનવેલ્થ ગેમ્સ' નામ મળ્યું, જે તેની ભાવના અને વ્યાપને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરે છે. આ નામ પરિવર્તન પછી તેમાં ભાગ લેનારા દેશોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો, જે આ ગેમ્સની વૈશ્વિક સ્વીકૃતિ દર્શાવે છે. ભારતીય પરાક્રમ અને ગૌરવનું મોટું યોગદાન આ ગેમ્સને પ્રાપ્ત થયું છે. આ ગેમ્સમાં ભારતનું યોગદાન ખૂબ જ ગૌરવપૂર્ણ રહ્યું છે. ભારત આ રમતોત્સવમાં સક્રિય ભાગ લેનાર દેશ છે અને તેણે ૨૦૧૦ માં નવી દિલ્હીમાં આ ગેમ્સનું સફળતાપૂર્વક આયોજન કરીને પોતાની રમતગમત ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. તે વર્ષે ભારતે કુલ ૧૦૧ મેડલ જીતીને બીજું સ્થાન મેળવ્યું હતું, જે આપણા દેશ માટે એક મહાન સિદ્ધિ હતી. આજે, કોમનવેલ્થ ગેમ્સ વૈશ્વિક સ્તરે ઓલિમ્પિક પછી ત્રીજી સૌથી મોટી રમતગમત ઈવેન્ટ તરીકેનું વિશેષ સ્થાન ધરાવે છે. તે માત્ર સ્પર્ધાનું પ્લેટફોર્મ નથી, પરંતુ તે સાંસ્કૃતિક વિવિધતાને ઉજવવા અને રાષ્ટ્રકુળના દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટેનું એક જીવંત માધ્યમ છે. અમદાવાદમાં હવે વિશ્વના રમતવીરોની ભીડ જામશે. અમદાવાદના રસ્તાઓ પર આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવા સ્ટેડિયમ, મેટ્રો લાઈનો અને હાઈ-ટેક હાઉસિંગ પ્રોજેક્ટ્સના સપના સાકાર કરતું શહેર બની જશે. આ ઘટના શહેરને રમતગમતનું કેન્દ્ર બનાવશે. તેને વૈશ્વિક બિઝનેસ અને ટૂરિઝમ હબ તરીકે સ્થાપિત કરશે. આવા ઈવેન્ટ્સ શહેરોને તાત્કાલિક વિકાસ આપે છે. પરંતુ તેઓ લાંબા ગાળાના વિઝન સાથે જોડાય છે.


# શિક્ષિત બેરોજગારી: એક રાષ્ટ્રીય સંકટ અને ઉકેલ




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ભારતની યુવા પેઢી આજે એક વિચિત્ર વિરોધાભાસનો સામનો કરી રહી છે. એક તરફ ઉચ્ચ શિક્ષણની પ્રાપ્તિની ઝંખના છે, તો બીજી તરફ ડિગ્રી પછીની નિરાશા અને અનિશ્ચિતતા છે. શિક્ષિત બેરોજગારી કેવળ આર્થિક અસંતુલન નથી, તે એક સામાજિક સંકટ છે. તે રાષ્ટ્રની માનવીય પૂંજી, યુવાનોના સ્વપ્નો અને દેશની આર્થિક ગતિને ગંભીર રીતે પ્રભાવિત કરે છે. આ સમસ્યાનો સામનો કરવા માટે કોઈ એક જ ઉપાય પૂરતો નથી. જરૂર છે એક બહુ-પરતવાળી, સમયસર અને સહયોગી રણનીતિની. આમાં શિક્ષણ, ઉદ્યોગ અને સરકાર — આ ત્રણેય સ્તંભોએ સક્રિય અને સંકલિત ભૂમિકા ભજવવી જોઈએ. શિક્ષણ પદ્ધતિનું મૂળભૂત પુનર્ગઠન હવે જરૂરી બન્યું છે. આ લડાઈ પ્રથમ અને નિર્ણાયક મોરચો છે. અને તે છે આપણી શિક્ષણ પદ્ધતિનું પુનર્ગઠન. દુર્ભાગ્યે, આજે પણ અધિકાંશ શૈક્ષણિક સંસ્થાઓ સૈદ્ધાંતિક જ્ઞાનના પરંપરાગત મોડેલ પર કામ કરે છે. આ મોડેલ બજારની ઝડપી ગતિ અને બદલાતી જરૂરીયાતોથી દૂર થઈ ગયું છે. આ પદ્ધતિને કુશળતા-કેન્દ્રિત અને ઉદ્યોગ-સંચાલિત બનાવવી એ અનિવાર્યતા છે. આ પરિવર્તનનો આરંભ શાળાના સ્તરેથી જ થવો જોઈએ. વિદ્યાર્થીઓમાં વિશ્લેષણાત્મક વિચારશક્તિ, સમસ્યા-સાધન ક્ષમતા અને સર્જનાત્મકતા વિકસાવવા પર ભાર મૂકવો જોઈએ. ઉચ્ચ શિક્ષણમાં દરેક કોર્સનો પાઠ્યક્રમ ઉદ્યોગના વાસ્તવિક પરિપ્રેક્ષ્યને સ્પર્શે તે રીતે ઘડવો જરૂરી છે. વ્યવહારુ તાલીમ, લેબ આધારિત પ્રોજેક્ટ્સ, કેસ સ્ટડીઝ અને સિમ્યુલેશનને શિક્ષણના અભિન્ન અંગ બનાવવા જોઈએ. વધુમાં, એકવીસમી સદીના કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. ડિજિટલ સાક્ષરતા, કોડિંગની મૂળભૂત સમજ, ડેટા વિશ્લેષણ અને કૃત્રિમ બુદ્ધિમત્તા સાથે કામ કરવાની ક્ષમતા હવે આવશ્યક કૌશલ્યો બની ગયા છે. આ કૌશલ્યોને પાઠ્યક્રમમાં ફરજિયાત રીતે સમાવવા જોઈએ. સૌથી મહત્ત્વની બાબત એ છે કે શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગ જગત વચ્ચેની દૂરી દૂર કરવી આવશ્યક છે. દરેક કોલેજ અને યુનિવર્સિટીએ ઉદ્યોગ સાથે મજબૂત ભાગીદારી સ્થાપિત કરવી જોઈએ. લાંબી અવધિની ઈન્ટર્નશિપ, ઓન-ધ-જોબ ટ્રેનિંગ, સંયુક્ત રિસર્ચ પ્રોજેક્ટ્સ અને ઉદ્યોગના નિષ્ણાતો દ્વારા વર્કશોપ આવશ્યક છે. ઉદ્યોગના પ્રતિનિધિઓ પાઠ્યક્રમ ડિઝાઈનમાં સીધા સહભાગી થઈ શકે તેવી શક્યતા તલાશવી જોઈએ. આથી વિદ્યાર્થીઓ શિક્ષણ પૂરું કરે ત્યારે માત્ર ડિગ્રી ધારક નહીં, પણ બજાર માટે તૈયાર, કુશળ ઉમેદવાર બનીને ઉભરી આવશે. રોજગાર સર્જનનું પરિવર્તન ઝડપભેર થઈ રહ્યું છે. બીજો મહત્ત્વનો મુદ્દો છે રોજગાર સર્જનનું પરિવર્તન. શિક્ષણ પદ્ધતિમાં સુધારો વર્તમાન રોજગારો માટે યોગ્ય ઉમેદવારો તૈયાર કરશે. પરંતુ નવા રોજગારોનું સર્જન એ સમસ્યાનું બીજું પાસું છે. અહીં નાના અને મધ્યમ ઉદ્યમોની ભૂમિકા અનન્ય છે. તેઓ ભારતમાં રોજગાર સર્જનના સૌથી મોટા સ્રોત તરીકે ઉભરી રહ્યા છે. સરકારે આ ઉદ્યમોને પ્રોત્સાહન આપવા માટે નવીન નીતિઓ ઘડવી જોઈએ. સરળ અને સસ્તા ધિરાણની સુવિધા, ટેકનોલોજીકલ અપગ્રેડેશન માટેની સબસિડી, નવીન સ્ટાર્ટઅપ્સ માટે ટેક્સ રિલીફ અને નિર્યાતને પ્રોત્સાહન આપવું જરૂરી છે. આવા પગલાંઓ MSMEsને મજબૂત બનાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. સાથે સાથે, શ્રમ કાયદાઓમાં સુધારો કરીને તેમને વધુ સરળ, સ્પષ્ટ અને ઉદ્યોગ-મિત્ર બનાવવા જોઈએ. જટિલ નિયમો અને અનિશ્ચિતતાના ભયને કારણે ઘણી કંપનીઓ મોટી સંખ્યામાં કાયમી નોકરીઓ સર્જતી નથી. તેઓ કોન્ટ્રાક્ટ આધારિત રોજગાર પર નિર્ભર રહે છે. સુધારેલા શ્રમ કાયદાઓ એવો માર્ગ દર્શાવી શકે છે જેમાં કર્મચારીઓના હકોનું રક્ષણ થાય અને નિયોક્તાઓ માટે રોજગાર સર્જનને પ્રોત્સાહન મળે. આનાથી સ્થિરતા, વફાદારી અને ઉત્પાદકતા વધશે. નોકરી શોધવાને બદલે નોકરી સર્જવાની માનસિકતા વધે તેવા પ્રયાસો સરકારે કરવા જોઈએ આ માટે પ્રોત્સાહન આપવું જોઈએ. ત્રીજું અને સમયપૂર્વક પગલું છે યુવાનોની માનસિકતામાં રૂપાંતર. યુવાનોને માત્ર નોકરી શોધવા વાળી પરંપરાગત માનસિકતાથી આગળ વધવું જરૂરી છે. તેમને નોકરી સર્જન માટે પ્રેરિત કરવાની તાકીદની જરૂર છે. ઉદ્યોગશીલતાની ભાવના વિકસાવવી આજના યુગની માંગ છે. આ દિશામાં, સરકારે સ્વરોજગારી અને સ્ટાર્ટઅપ્સને સક્રિય રીતે પ્રોત્સાહન આપવું જોઈએ. શૂન્ય અથવા નિમ્ન વ્યાજ દરે સરળ લોન યોજનાઓ, વ્યવસાયિક માર્ગદર્શન અને આધુનિક સેન્ટર્સની જાળવણી જરૂરી છે. આ નવીન વિચારોને વ્યવસાયમાં રૂપાંતરિત કરવામાં મદદરૂપ થશે. વિદ્યાર્થીઓને કોલેજના સમયથી જ બિઝનેસ પ્લાન તૈયાર કરવા, નવીન પ્રોજેક્ટ્સ પર કામ કરવા અને જોખમ લેવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. વળી, એક મહત્ત્વપૂર્ણ પાસું છે વર્તમાન કાર્યદળનો સતત કૌશલ્ય વિકાસ. ટેકનોલોજીના ઝડપી બદલાવના યુગમાં આજની નોકરી કાલે જરૂરી નહીં રહે, એ સંભવ છે. તેથી વયસ્ક અને હાલમાં નોકરી કરતા લોકો માટે સતત સ્કિલ અપગ્રેડેશન અને રિ-સ્કિલિંગના કાર્યક્રમો આવશ્યક છે. ઉદ્યોગ અને સરકારે મળીને એવી પદ્ધતિઓ વિકસાવવી જોઈએ જેમાં કર્મચારીઓને નવીન ટેકનોલોજી સાથે પરિચિત કરવામાં આવે. કૃત્રિમ બુદ્ધિમત્તા, મશીન લર્નિંગ, ડેટા સાયન્સ અને ઓટોમેશન આમાં સામેલ છે. આનાથી નષ્ટ થતી નોકરીઓની આશંકા ઘટશે અને કર્મચારીઓ ભવિષ્યની માંગો સાથે સુસંગત રહી શકશે. સહયોગ અને સુસંગત નીતિની જરૂરિયાત દ્વારા આ સંકટનો સામનો કરવો સરળ નથી. તે માટે દીર્ઘકાલીન સંકલ્પ, સતત પ્રયત્નો અને તમામ હિતધારકોની સક્રિય ભાગીદારી જરૂરી છે. શિક્ષણ, ઉદ્યોગ અને સરકાર વચ્ચે મજબૂત સહયોગ અને એક સ્પષ્ટ, સુસંગત રાષ્ટ્રીય રોજગાર નીતિ આવશ્યક છે. એક સુસંગત નીતિ શિક્ષણ પદ્ધતિ, ઔદ્યોગિક જરૂરીયાતો અને સરકારી પહેલ વચ્ચે સુમેળ સાધવામાં મદદ કરશે. શિક્ષિત બેરોજગારી એ ભારતની યુવા શક્તિ પર લદાયેલો એક ભારો છે. તેને ઉતારવો એ રાષ્ટ્રીય અગ્રતા બનવી જોઈએ. ભારતનું ભવિષ્ય તેના શિક્ષિત, કુશળ અને ઉત્પાદક યુવાનો પર નિર્ભર છે. જો આ પ્રતિભા બજારની જરૂરીયાતો સાથે સુસંગત ન થાય, તો તે એક વિશાળ રાષ્ટ્રીય સંપત્તિનો વ્યય છે. શિક્ષણને વ્યવહારુ અને કૌશલ્ય-કેન્દ્રિત બનાવવું, ઉદ્યોગને રોજગાર સર્જન માટે સશક્ત બનાવવા અને સરકારને સુવિધાકર્તા તરીકે કામ કરવું — આ ત્રિપુટીનો સંતુલિત સહયોગ જ ભારતના યુવાનોની ઊર્જા અને પ્રતિભાને દેશની પ્રગતિના માર્ગ પર દોરી શકશે. આ સમસ્યાનો સમગ્ર ઉકેલ માત્ર આર્થિક સુખાકારી જ નહીં, પણ એક સ્થિર, સમૃદ્ધ અને ન્યાયી સમાજના નિર્માણ માટે પણ અનિવાર્ય છે.

## શબ્દ સંજોગ-૨૧૧૫



**આડી ચાવી :**
(૧) હસાવી ખેલાવી રાજી રાખવું તે (૨)
(૨) ઐરાવત પર સવારી કરનારી લક્ષ્મી (૪)
(૭) પાદુકા, ચાખડી (૩)
(૯) દૂત, કાસદ (૩)
(૧૧) ગુસ્સો, ક્રોધ (૨)
(૧૨) ઉંમર, આવરદા (૨)
(૧૩) આક્ષેપ, તહોમત (૩)
(૧૫) ફૂલ-ઝાડ ઉછેરનાર (૨)
(૧૬) વૃધ્ધાવસ્થા (૨)
(૧૭) પેટને ડાબે પડખે આવેલો અવયવ (૩)
(૧૯) મોધમ, અસ્પષ્ટ (૩)
(૨૧) નાત જમાડવી તે (૨)
(૨૨) પૃથ્વી, ધરતી (૪)
(૨૪) આ તો પહેલો સગો (૩)
(૨૬) શોધવું તે (૨)
(૨૭) સ્વમાનની ટેક (૨)

**ઉભી ચાવી :**
(૧) ....બૂરી બલા (૩)
(૩) એક અભિનેત્રી (૪)
(૪) નીર, જળ(અ) (૨)
(૫) સોનીનું એક ઓજાર (૨)
(૬) મૂંગુ (૨)
(૮) ઉમેરો, વૃધ્ધિ (૩)
(૧૦) શરીર પર ઉપસી આવતી ગાંઠ (૩)
(૧૨) રોજની આવક (૩)
(૧૩) ..હરામ હૈ (૩)
(૧૪) એક દિશા (૩)
(૧૫) સબકા....એક (૩)
(૧૭) ઉંઘ આવવાની નિશાની (૩)
(૧૮) પાણી ગરમ થતા વાયુરૂપે થતુ રૂપાંતર (આ-અ) (૩)
(૨૦) શેરડીમાં થતો એક રોગ (૩)
(૨૨) કાપીને મારવું તે (૨)
(૨૩) પૃથ્વી....પર પ્રદક્ષિણા કરે છે (૨)
(૨૪) પવિત્ર, મોલ (૨)
(૨૫) ટૂટી ફુટી ગયેલું (૨)

## શબ્દ સંજોગ-૨૧૧૪ જવાબ

**આડી ચાવી:** (૧) કલ્પતરુ (૪) ગોરધન (૭) મમતા (૯) પ્રાણ (૧૦) લતા (૧૧) તોર (૧૨) અર્થ (૧૩) અમે (૧૪) હોડ (૧૫) નનામી (૧૭) લડકી (૨૦) રમા (૨૨) મોર (૨૩) ગાલ (૨૫) રાવ (૨૭) ટેરવું (૨૮) મિનારો (૩૦) હેમક (૩૧) જમણ (૩૨) રોમન.

**ઉભી ચાવી:** (૧) કષ્ટ (૨) તમણ (૩) રુમ (૫) રવિ (૬) નજર (૮) તાલમોલ (૯) પ્રાર્થના (૧૧) તોડ (૧૨) અનપગામિની (૧૪) હોકી (૧૬) મીર (૧૮) ડગ (૧૯) હરવું (૨૧) મારા (૨૨) મોર (૨૪) લના(નાલ) (૨૬) વહેણ (૨૭) ટેકરો (૨૯) રોજ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૫૨૭ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૨૭ |
| ઘઉં ટુકડા | ૫૦૭ | ૬૧૨ |
| જુવાર સફેદ | ૮૬૦ | ૯૭૦ |
| બાજરી | ૩૩૦ | ૪૦૧ |
| તુવેર | ૯૦૦ | ૧૩૫૦ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૧૩૫૦ | ૧૭૮૦ |
| અડદ | ૯૧૦ | ૧૪૬૦ |
| મગ | ૧૨૫૦ | ૧૯૨૯ |
| વાલ દેશી | ૫૫૧ | ૧૦૭૫ |
| ચોળી | ૮૫૦ | ૧૧૯૦ |
| મઠ | ૯૫૦ | ૧૫૬૦ |
| વટાણા | ૧૨૫૦ | ૧૯૦૦ |
| કળથી | ૩૭૫ | ૫૦૪ |
| મગફળી જાડી | ૧૦૧૬ | ૧૪૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૫ | ૧૩૭૦ |
| અળસી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| તલી | ૧૮૨૧ | ૨૧૫૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૪૪ |
| અજમો | ૭૦૦ | ૨૪૦૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૪ |
| સીંગફાડા | ૯૨૫ | ૧૪૯૦ |
| કાળા તલ | ૩૭૦૦ | ૫૧૬૦ |
| લસણ | ૭૨૫ | ૧૨૨૫ |
| ધાણા | ૧૪૦૦ | ૧૮૪૭ |
| મરચા સુકા | ૧૪૫૦ | ૩૧૦૦ |
| ધાણી | ૧૪૫૦ | ૧૯૦૦ |
| વરીયાળી | ૧૦૮૦ | ૧૬૬૦ |
| જીરૂ | ૩૪૮૦ | ૩૯૭૦ |
| રાય | ૧૪૦૧ | ૧૯૨૫ |
| મેથી | ૯૪૧ | ૧૩૮૧ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૨૬૦ |
| કલોંજી | ૪૨૨૪ | ૪૨૨૪ |
| રાયડો | ૧૧૧૦ | ૧૨૭૫ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૮૪૦૦ |
| રાજમા | ૯૦૦ | ૧૬૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૬૭ | ૫૯૬ |
| પપૈયા | ૭૬ | ૯૬ |
| બટેટા | ૧૪૨ | ૪૧૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૯૦ |
| ટમેટા | ૪૭૦ | ૫૮૯ |
| સુરણ | ૫૮૨ | ૬૯૭ |
| કોથમરી | ૨૩૬ | ૩૮૨ |
| મુળા | ૩૭૭ | ૪૯૨ |
| રીંગણા | ૫૮૩ | ૧૧૮૪ |
| કોબીજ | ૧૩૬ | ૨૪૯ |
| ફ્લાવર | ૩૫૭ | ૫૮૩ |
| ભીંડો | ૯૮૩ | ૧૩૬૮ |
| ગુવાર | ૧૦૨૪ | ૧૬૦૭ |
| ચોળાસીંગ | ૬૫૩ | ૮૨૭ |

| | | |
|---|---|---|
| વાલોળ | ૮૧૧ | ૧૧૪૭ |
| ટીંડોરા | ૪૨૭ | ૬૯૨ |
| દુધી | ૨૮૧ | ૩૫૬ |
| કારેલા | ૪૭૧ | ૫૬૯ |
| સરગવો | ૧૧૮૮ | ૧૪૯૭ |
| પરવર | ૭૭૯ | ૧૩૦૬ |
| કાકડી | ૫૨૬ | ૮૫૭ |
| ગાજર | ૨૯૩ | ૪૭૧ |
| વટાણા | ૮૯૭ | ૧૨૦૮ |
| તુવેરસીંગ | ૩૩૬ | ૫૨૭ |
| ગલકા | ૪૬૭ | ૭૧૨ |
| બીટ | ૧૧૦ | ૨૫૨ |
| મેથી | ૪૦૩ | ૬૮૭ |
| વાલ | ૮૨૪ | ૧૦૨૧ |
| ડુંગળી લીલી | ૨૫૩ | ૩૯૪ |
| આદુ | ૧૦૨૨ | ૧૨૨૬ |
| ચણા લીલા | ૭૯ | ૪૭૭ |
| મરચા લીલા | ૪૧૩ | ૬૮૭ |
| હળદર લીલી | ૩૨૭ | ૬૦૮ |
| લસણ લીલું | ૧૧૮૧ | ૧૬૦૨ |
| મકાઇ લીલી | ૨૪૧ | ૩૪૩ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૨૬ |
| ઘઉં લોકવન | ૫૦૪ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૨૮ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૩૯૧ |
| સિંગદાણા જાડા | ૧૨૦૧ | ૧૪૫૧ |
| સિંગ ફાડીયા | ૮૬૧ | ૧૪૧૧ |
| એરંડા / એરંડી | ૧૧૯૧ | ૧૩૪૧ |
| જીરૂ | ૨૭૫૧ | ૪૧૪૧ |
| વરીયાળી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ધાણા | ૮૦૦ | ૧૯૦૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૧૦૯૧ |
| અડદ | ૯૦૧ | ૧૪૧૧ |
| તુવેર | ૭૧૧ | ૧૨૯૧ |
| રાય | ૧૭૭૬ | ૧૭૭૬ |
| મેથી | ૮૭૬ | ૧૧૫૧ |
| કાંગ | ૩૫૧ | ૫૮૧ |
| મરચા | ૭૦૧ | ૩૭૫૧ |
| મગફળી જાડી | ૭૯૧ | ૧૩૪૧ |
| સફેદ ચણા | ૯૫૧ | ૧૮૬૧ |
| મગફળી ૬૬ | ૯૨૧ | ૧૪૪૧ |
| તલ - તલી | ૧૧૧૧ | ૨૧૯૧ |
| ધાણી | ૧૨૦૦ | ૧૯૫૧ |
| બાજરો | ૨૫૧ | ૪૦૧ |
| જુવાર | ૮૫૧ | ૮૫૧ |
| મકાઇ | ૩૭૧ | ૩૭૧ |
| મગ | ૮૦૧ | ૧૫૬૧ |
| ચણા | ૭૫૧ | ૧૧૦૧ |
| વાલ | ૭૦૧ | ૧૦૪૧ |
| ચોળા / ચોળી | ૪૦૧ | ૧૧૭૬ |
| સોયાબીન | ૬૫૦ | ૮૭૬ |
| ગોગળી | ૮૫૧ | ૧૧૩૧ |

| | | |
|---|---|---|
| વટાણા | ૬૫૧ | ૧૮૨૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૮૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૨૪૦ |
| ગલકા | ૪૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૨૫૦ | ૪૦૦ |
| અંબાળા | ૫૦૦ | ૮૦૦ |
| લીલી હળદર | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૫ |
| કોથમીર પુરા | ૫ | ૧૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૩ | ૭ |
| ઘીસોડા | ૮૦૦ | ૧૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૩૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૭૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૬૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૩૦ |
| પાલક પુરા | ૨ | ૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૨૮૦ |
| શીંગ ગીરનાર | ૯૭૫ | ૧૩૩૧ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૪૧૨ |
| શિંગદાણા | ૧૦૫૬ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૯૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૫૩૦૦ |
| તલ કાશ્મીરી | ૧૯૧૫ | ૨૪૫૦ |
| બાજરો | ૩૯૦ | ૫૩૦ |
| જુવાર | ૩૪૦ | ૧૧૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૯૯ | ૫૭૧ |
| અડદ | ૯૪૦ | ૧૫૦૫ |
| ચણા | ૭૦૦ | ૧૦૬૦ |
| સફેદ ચણા | ૭૮૦ | ૧૦૯૮ |

| | | |
|---|---|---|
| કપાસ | ૮૫૦ | ૧૫૮૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૧૨ |
| જીરૂ | ૨૦૬૦ | ૩૮૬૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૮૬૫ |
| અજમા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૮૦૦ | ૯૭૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૬ |
| રજકાનું બી | ૩૯૭૫ | ૧૦૧૦ |
| મરચા લાંબા | ૭૮૦ | ૩૪૧૦ |
| કાંગ | ૫૧૫ | ૫૧૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૩૦૦ | ૩૫૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| મુળા | ૨૦૦ | ૨૫૦ |
| કાકડી | ૮૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૬૦૦ | ૭૦૦ |
| વાલ | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| તુવેર | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૧૬૦૦ | ૧૮૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૬૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૯૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકું | ૪૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦ | ૧૨૫૧ |
| શીંગ મોટી | ૧૦૨૧ | ૧૩૭૦ |


| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૩૫૦૦ | ૪૦૪૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૯૫૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૫ |
| બાજરો | ૩૬૧ | ૬૨૧ |
| જુવાર | ૧૦૩૪ | ૧૦૭૧ |
| અડદ | ૬૫૦ | ૧૨૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૧૭ |
| એરંડી | ૮૦૧ | ૧૨૯૨ |
| મેથી | ૯૦૦ | - |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| સોયાબીન | ૬૫૦ | ૮૫૧ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૧ | ૧૫૦૦ |
| કપાસ કોડી | ૧૦૪૬ | ૧૧૮૬ |
| મગફળી | ૮૩૫ | ૧૧૫૫ |
| ઘઉં | ૫૦૦ | ૫૨૫ |
| ચણા | ૯૪૦ | ૧૦૫૧ |
| અડદ | ૭૫૦ | ૧૧૨૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૪૨૫ | ૧૫૫૦ |
| એરંડા | ૧૧૬૦ | ૧૧૯૫ |
| બાજરો | ૩૬૯ | ૪૧૫ |
| સોયાબીન | ૭૨૫ | ૮૩૪ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૨ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૨૧ |
| અડદ | ૭૨૦ | ૧૦૧૦ |
| ચણા | ૭૬૫ | ૧૦૪૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૮૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૯૮૦ | ૧૦૧૬ |
| રાય | ૧૪૦૫ | ૧૮૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૧ |
| લસણ | ૪૦૦ | ૬૬૫ |
| મગફળી | ૭૯૦ | ૧૦૮૦ |
| જુવાર | ૪૫૦ | ૫૦૦ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| તલ | ૧૬૦૦ | ૧૭૩૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૪૦૦ | ૧૫૩૧ |
| કપાસ સી ગ્રેડ | ૯૨૬ | ૧૫૩૧ |
| સોયાબીન | ૭૮૫ | ૭૮૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૧ | ૧૪૦૧ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૨૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૧ |
| બાજરો | ૩૭૧ | ૫૬૧ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૫૪ |
| જુવાર | ૭૫૦ | ૧૦૬૧ |

| | | |
|---|---|---|
| મગ | ૧૭૫૨ | ૧૭૫૨ |
| ચણા | ૭૫૨ | ૯૩૨ |
| સોયાબીન | ૫૭૧ | ૮૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૨૫૦ | ૧૧૫૦ |
| મગફળી | ૧૦૨૦ | ૧૨૭૦ |
| ચણા | ૮૦૦ | ૮૦૦ |
| મેથી | ૮૪૫ | ૮૪૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૩૦ | ૧૫૬૫ |
| કપાસ મીડીયમ | ૯૪૦ | ૧૨૩૦ |
| મગફળી | ૧૫૧૫ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૭૨૦ | ૨૦૬૦ |
| તલ કાળા | ૩૩૩૦ | ૪૨૯૦ |
| જીરૂ | ૩૩૬૦ | ૩૯૧૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ચણા | ૯૮૫ | ૧૦૫૫ |
| અડદ | ૯૧૦ | ૧૨૨૦ |
| સોયાબીન | ૮૧૨ | ૮૫૮ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૪૦ | ૧૩૫૩ |
| મગફળી ૩૨ | ૯૮૧ | ૧૨૯૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૪ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૬૧ |
| જુવાર | ૭૫૦ | ૯૨૩ |
| ચણા | ૮૫૦ | ૧૧૧૮ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૩૪૫૦ | ૪૮૨૫ |
| સોયાબીન | ૭૩૦ | ૮૬૧ |
| **જામનગર** | | |
| બાજરો | ૨૦૦ | ૪૮૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૩૩ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ચોળી | ૪૦૦ | ૧૦૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૯૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૩૪૦ |
| મગફળી જાડી | ૧૦૪૦ | ૧૨૬૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૩૦ | ૧૩૯૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૪૦૦ |
| એરડા | ૧૧૦૦ | ૧૩૧૦ |
| લસણ | ૭૨૫ | ૧૩૭૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૯૭૦ |
| અજમો | ૧૩૦૦ | ૩૦૪૦ |
| અજમાની ભુકી | ૫૦ | ૨૪૬૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૫૫ |
| મરચા | ૭૦૦ | ૨૯૬૦ |
| ડુંગળી સુકી | ૫૦ | ૪૧૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કચ્છની જળસીમામાંથી પાકિસ્તાની બોટ સાથે ૧૧ માછીમારો ઝડપાયા, કોસ્ટગાર્ડે વધુ તપાસ હાથ ધરી


(એચ.એસ.એલ),ભુજ,તા.૧૧



ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા ગુજરાતના કચ્છની દરિયાઈ જળસીમામાંથી ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરનાર એક પાકિસ્તાની બોટને ઝડપી પાડવામાં આવી છે. બોટમાં સવાર ૧૧ પાકિસ્તાની માછીમારોની પણ ધરપકડ કરવામાં આવી છે. ભારતીય તટરક્ષક દળે અરબી સમુદ્રમાં ભારતીય જળસીમાનું ઉલ્લંઘન કરવા બદલ એક મોટી કાર્યવાહીમાં ૧૧ પાકિસ્તાની માછીમારોની ધરપકડ કરી છે. આ માછીમારોને તેમની બોટ 'અલ વલી' સાથે કચ્છના જખૌ નજીકના સંવેદનશીલ દરિયાઈ વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર, ભારતીય તટરક્ષક દળના નિયમિત પેટ્રોલિંગ દરમિયાન પાકિસ્તાની ફિશિંગ બોટ 'અલ વલી' ભારતીય હદમાં ગેરકાયદેસર રીતે માછીમારી કરતી જોવા મળી હતી. કોસ્ટગાર્ડે તાત્કાલિક કાર્યવાહી કરીને આ બોટને આંતરી હતી અને તેમાં સવાર તમામ ૧૧ પાકિસ્તાની માછીમારોની ધરપકડ કરી હતી. કોસ્ટગાર્ડના પેટ્રોલિંગ દરમિયાન કચ્છની દરિયાઈ સીમામાંથી એક શંકાસ્પદ બોટ જોવા મળી હતી. કોસ્ટગાર્ડ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરીને બોટને આંતરવામાં આવી હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે, આ બોટ પાકિસ્તાનની હતી અને તેમાં ૧૧ માછીમારો સવાર હતા.

# પાટડી નજીક હિટ-એન્ડ-રનની ઘટના, અકસ્માતમાં મોટરસાયકલ સવાર ત્રણ યુવાનોના કરૂણ મોત

સુરેન્દ્રનગર,તા.૧૧



સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના નાવિયાણી ગામ પાસે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. એક અજાણ્યા વાહન ચાલકે મોટરસાયકલ પર સવાર ત્રણ યુવાનોને કચડી નાખ્યા અને ઘટનાસ્થળેથી ભાગી ગયો. રસ્તા પર થયેલી ટક્કરમાં ત્રણેય યુવાનો ઘાયલ થયા. ત્રણેયના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. અકસ્માત અંગે મળેલી માહિતી મુજબ, પાટડી તાલુકાના એરવાડા ગામના ત્રણ યુવાનો વહેલી સવારે પોતાના મોટરસાયકલ પર કામ પર જઈ રહ્યા હતા. તે સમયે નાવિયાણી ગામ નજીક એક અજાણ્યા વાહન ચાલકે તેમના મોટરસાયકલને ટક્કર મારી હતી, જેમાં સવારો ઘાયલ થયા હતા. રસ્તા પર થયેલી ટક્કરમાં ત્રણેય યુવાનો ઘાયલ થયા હતા. સ્થાનિક રહેવાસીઓ પાસેથી માહિતી મળતાં, પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં હાઈવે પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. સ્થાનિક રહેવાસીઓ અને હાઈવે પર એકઠા થયેલા લોકોએ પોલીસને જાણ કરી હતી, અને ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ત્રણેય યુવાનોના મૃતદેહને પાટડી સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યા છે અને અકસ્માત મૃત્યુનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ૯ મહિનામાં મહેસાણા જિલ્લામાં ૩૪૧ સગીરાઓ ગર્ભવતી બની

મહેસાણા,તા.૧૧



મહેસાણા જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા એક રિપોર્ટમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. મહેસાણા જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા એક રિપોર્ટમાં જિલ્લામાં સગીર વયની કિશોરીઓના ગર્ભવતી હોવાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. આ આંકડા સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય અને લાલબત્તી સમાન છે. રિપોર્ટ અનુસાર, એપ્રિલ ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ સુધીના સમયગાળામાં જિલ્લામાં કુલ ૩૪૧ સગીરાઓ ગર્ભવતી હોવાનું સામે આવ્યું છે. આ આંકડો ૧૪ થી ૧૭ વર્ષની વયજૂથની કિશોરીઓનો છે. મહેસાણા જિલ્લામાં એપ્રિલ ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ સુધીના સમયગાળામાં સગીરાઓ ગર્ભવતી હોવાના આંકડાની વાત કરવામાં આવે તો, જિલ્લામાં માત્ર ૯ જ મહિનામાં આવા ૩૪૧ મામલા નોંધાયા છે. જેમાં ૧૪ વર્ષની ૨ કિશોરીઓ, ૧૫ વર્ષની ૩૪ કિશોરીઓ, ૧૬ વર્ષની ૭૬ કિશોરીઓ, ૧૭ વર્ષની ૨૨૯ કિશોરીઓનો સમાવેશ થાય છે. આમ ૧૪ વર્ષથી ૧૭ વર્ષની કુલ ૩૪૧ કિશોરીઓ ગર્ભવતી નોંધાઈ છે.

# ગણેશ ગોંડલનો નાર્કો ટેસ્ટ પૂર્ણ, ૧૫ ડિસે. એ હાઈકોર્ટમાં રિપોર્ટ સોંપાશે

ગાંધીનગર,તા.૧૧



રાજકુમાર જાટ મોત કેસમાં ગણેશ ગોંડલનો નાર્કો ટેસ્ટ આજે ગાંધીનગરમાં પૂર્ણ કરવામાં આવ્યો છે. ટેસ્ટ પહેલાં ગણેશ ગોંડલની જરૂરી મેડિકલ તપાસ પૂર્ણ કરી દેવામાં આવી હતી. તપાસના આ નવા તબક્કા બાદ કેસમાં વધુ મહત્વના ખુલાસા થવાની શક્યતા છે. આ કેસની તપાસ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના નેતૃત્વમાં ચાલી રહી છે. પ્રેમસખુ ડેલુએ કહ્યું કે, હાઈકોર્ટની સૂચના મુજબ કાર્યવાહી થઈ છે અને રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી થશે. આરોપીના નાર્કો ટેસ્ટ અંગે FSL સાથે ચર્ચા કરી રહ્યા છીએ. આ પ્રક્રિયામાં આરોપી સાથે વકીલ સાથે હોય છે. એક - બે દિવસ આસપાસ રિપોર્ટ આવશે અને ૧૫ ડિસેમ્બરે વીડિયોગ્રાફી હાઈકોર્ટમાં જમા થશે.

# રાજકોટમાં પ્રેમી પંખીડાએ બસમાં જ ઝેરી દવા ગટગટાવીને મોતને વ્હાલું કર્યું

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧૧

શહેરના ગંજીવાડા વિસ્તારમાં પાડોશમાં જ રહેતી ૧૭ વર્ષીય સગીરા રાજલ કિહલા તેમજ ૩૩ વર્ષીય રવિ મકવાણા નામનો યુવાન ચાર દિવસ પૂર્વે બોટાદના થાક પીપળીયા ગામ ખાતે નાસી ગયા હતા. ત્યારે બુધવારના રોજ બંને બોટાદના રાણપુર તાલુકાના થાક પીપળીયા ગામ ખાતેથી પરત ફરી રહ્યા હતા તે દરમિયાન તેમણે બસમાં જ ઝેરી દવા પી લીધી હોવાની ઘટના સામે આવી છે. બનાવ સંદર્ભે સગીરાના માતા-પિતા દ્વારા થોરાળા પોલીસ સ્ટેશન ખાતે ગુમ થયેલ હોવાની નોંધ પણ કરાવવામાં આવી હતી. પરિવાર તેમજ પોલીસ દ્વારા સગીરાની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન સગીરાના પરિવારને જાણવા મળ્યું હતું કે બુધવારના રોજ સવારના સમયે રવિ રાજલને લઈ બોટાદથી રાજકોટ ખાતે બસમાં આવી રહ્યો છે. તેમજ બંને આજી ડેમ ચોકડી પાસે ઉતરવાના છે. જેથી રાજલના પરિવારજનો આજી ડેમ ચોકડી પાસે પહોંચ્યા હતા. તેમજ બસમાંથી નીચે ઉતરતી વેળાએ રાજલ નીચે ઢળી પડી હતી. ત્યારબાદ રવિ પણ ત્યાંથી ભાગી ગયો હતો. બેભાન હાલતમાં રાજલને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

# કોડીનાર નજીક ગૌવંશના માંસ સાથે ૭ શખ્સો ઝડપાયા: ૩૨૦ કિલો જથ્થો જપ્ત

કોડીનાર, તા.૧૧

કોડીનાર પોલીસે ગત ૪ ડિસેમ્બરના રોજ એક મોટી કાર્યવાહી કરીને કોડીનાર-ઉના હાઈવે પરથી ગેરકાયદેસર રીતે કતલ કરેલ ગૌવંશ અને ભેંસવંશના માંસનું 'વેસ્ટેજ' લઈ જતાં હરિયાણા અને મહુવાના કુલ ૭ શખ્સોને ઝડપી પાડતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટના ગત ૪ ડિસેમ્બરના રોજ કોડીનાર-ઉના હાઈવે પર મજેવડી ગામ નજીક બની હતી. પેટ્રોલિંગમાં રહેલી પોલીસ પી.સી.આર. વાન બે વાહનો વચ્ચે થયેલા સામાન્ય અકસ્માત સ્થળે પહોંચી હતી. ત્યાં હાજર મહીન્દ્રા બોલેરો પીકઅપ વાહન (રજી.નં. GJ ૧૮ AZ ૦૪૦૮)માં રાખેલા બાચકાં શંકાસ્પદ જણાતાં પી.સી.આર. દ્વારા કોડીનાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. વણારકા અને સ્ટાફને બોલાવવામાં આવ્યો હતો. પોલીસે વાહનની તલાશી લેતા અંદરથી શંકાસ્પદ માંસનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક આ જથ્થાનું એફ.એસ.એલ. પરીક્ષણ કરાવ્યું હતું, જેમાં આ માંસનો જથ્થો ગૌવંશ અને ભેંસવંશનો હોવાનું સ્પષ્ટ થયું હતું. માંસના જથ્થાની પુષ્ટિ થયા બાદ કોડીનાર પોલીસે



તસવીર : કુલદીપ પાઠક

બોલેરો પીકઅપ વાહનમાં હેરાફેરી કરતાં કુલ ૭ શખ્સોની ધરપકડ કરી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓએ આ વેસ્ટેજ (માંસ)નો જથ્થો તળાજા, મહુવા અને અન્ય સ્થળોએ આવેલા ખાટકીવાડાઓમાંથી ખરીદ્યો હતો. આરોપીઓએ આ માંસનો ઉપયોગ માછલીના ચારા માટે કરવાનો ઈરાદો પાર પાડ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગૌવંશ અને ભેંસવંશના માંસ ભરેલા બાચકાં: નંગ-૧૬, વેસ્ટેજ માંસનો અંદાજિત જથ્થો: ૩૨૦ કિલો, મહીન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ વાન (રજી.નં. GJ ૧૮ AZ ૦૪૦૮)જપ્ત કર્યા હતા. પોલીસે તમામ ૭ આરોપીઓની ધરપકડ કરીને તેમને જૂનાગઢ જેલ હવાલે કર્યા છે અને આ ગેરકાયદેસર પ્રવૃત્તિના મૂળ સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# ધોરાજીમાં ગોવર્ધનનાથજી હવેલી ખાતે શ્રી ગુંસાઈજીનો ત્રિ-દિવસીય પ્રાગટ્ય ઉત્સવ ઉજવાશે

ધોરાજી, તા.૧૧

ધોરાજીના બાલધા ચોરા, કડિયાવાડ ખાતે આવેલી પ્રાચીન શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે તારીખ ૧૧ થી ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન પરમદયાલ કૃપાસાગર શ્રીમદ વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રી ગુસાંઈજીનો પ્રાગટ્ય ઉત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ ત્રિ-દિવસીય કાર્યક્રમ પૂ.પા. ચંપકલતા બેટીજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર અને અધ્યક્ષતામાં યોજાશે. ૧૧/૧૨/૨૦૨૫ ગુરુવારના રોજ નાટક, નૃત્ય અને પાઠશાળાના બાળકોની કૃતિઓ રજૂ થઈ હતી.

૧૨/૧૨/૨૦૨૫ શુક્રવારના રોજ ગોવર્ધનનાથજીના ટેલિયા દ્વારા નાટક, નૃત્ય નાટિકા અને વક્તવ્ય સાંજે ૫ વાગ્યે થશે. ૧૩/૧૨/૨૦૨૫ શનિવાર ગુંસાઈજીનો પ્રાગટ્ય ઉત્સવ ઉજવાશે. શ્રી ગુંસાઈજીના પ્રાગટ્ય ઉત્સવના દિવસે વિશેષ મનોરથો અને વિધિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

# ધોરાજી પોસ્ટ ઓફિસમાં 'અંધેર વહીવટ': બાર એસોસિએશને પોસ્ટ GMને આવેદનપત્ર પાઠવ્યું

ધોરાજી, તા. ૧૧

ધોરાજીની પોસ્ટ ઓફિસમાં છેલ્લા એક મહિનાથી વહીવટ બાબતે સદંતર અંધેર ચાલી રહ્યું હોવાની ગંભીર ફરિયાદ સાથે ધોરાજી બાર એસોસિએશન દ્વારા ગોંડલ પોસ્ટ વિભાગના જનરલ મેનેજરને લેખિતમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. એસોસિએશને આ અણઘડ વહીવટ સામે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી હતી. ધોરાજી બાર એસોસિએશનના અગ્રણી એડવોકેટ બાબુલાલ જાગાણીએ મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, સ્થાનિક પોસ્ટ ઓફિસમાં અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ પરિણામ આવ્યું નથી. વકીલો અને કોર્ટ દ્વારા મોકલવામાં આવતી કાયદાકીય નોટિસો તેમજ અન્ય દસ્તાવેજો સમયસર તેમના નિર્ધારિત સ્થળે પહોંચતા નથી. વકીલોની ઓફિસમાંથી અથવા કોર્ટમાંથી જે રજિસ્ટર્ડ એ.ડી. તથા સાદી પોસ્ટથી નોટિસો મોકલવામાં આવે છે, તે સમય મર્યાદાની અંદર પહોંચતી નથી. પક્ષકારોને ૨૦ થી ૨૫ દિવસ પછી પૂછવામાં આવે તો 'કવર મળ્યું નથી' તેવા જવાબો મળે છે. આ વિલંબને કારણે કાયદાકીય કાર્યવાહીમાં વિલંબ થાય છે અને કોર્ટની પ્રક્રિયામાં પક્ષકારોને ખૂબ જ હેરાનગતિ ભોગવવી પડે છે. બાર એસોસિએશને તાત્કાલિક આ અંગે ઘટતું કરવા લેખિતમાં માંગણી કરી છે. એડવોકેટ બાબુલાલ જાગાણીએ ચેતવણી આપી છે કે, જો આ અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો નાછૂટકે અમારે આગળ પગલા ભરવાની ફરજ પડશે.

# અમદાવાદમાં માનવ અધિકાર દિવસની ઉજવણી: નૈસર્ગિક કાયદાથી રચાતી 'અધિકારોની પિરામિડ' અંગે અપાઈ વિસ્તૃત માહિતી

અમદાવાદ,તા.૧૧

તાજેતરમાં ૧૦મી ડિસેમ્બરના રોજ અમદાવાદના શાહીબાગ સર્કિટ હાઉસ ખાતે અખિલ ભારતીય માનવધિકાર ફરિયાદી સંઘ (NGO) દ્વારા 'માનવ અધિકાર દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં માનવ અધિકારના તમામ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ આર.બી. ઓઝા દ્વારા માનવ અધિકારો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વવ્યાપી માનવ અધિકારોની કલ્પના નૈસર્ગિક કાયદાના મૂળભૂત સિદ્ધાંતો પર આધારિત છે. મનુષ્ય કુદરતનું સર્વોત્તમ સર્જન હોવાથી તેને જીવન, સ્વાતંત્ર્ય, વિકાસ, શિક્ષણ, આરોગ્ય અને સલામતી જેવા અધિકારો જન્મજાત મળેલા છે, જેને કોઈ શાસક કે રાજ્ય છીનવી શકતું નથી.




ઈતિહાસમાં પણ નૈસર્ગિક કાયદો રાજ્યના કાયદા કરતાં ઊંચું સ્થાન ધરાવતો હતો.

ભારતના બંધારણમાં પણ મોટા ભાગના માનવ અધિકારોને મૂળભૂત અધિકારો તરીકે અને કેટલાકને કાનૂની અધિકારો તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. કાર્યક્રમના અંતે સૌરાષ્ટ્ર ઝોનના અધ્યક્ષ ગોરધનભાઈ દાફડા દ્વારા આભારવિધિ કરીને કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

**તાલુકા એકઝીકયુટીવ મેજી. સાહેબ શ્રી લાઠીની કોર્ટમાં, મુ. : લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજ નં. ૧૫૦/૨૦૨૫

અરજદાર તર્ફે વિ. વકીલ શ્રી નવનીતભાઈ એન. મકવાણા

અરજદાર : - શ્રી લાલજીભાઈ દિયાળભાઈ ભીંગરાડીયા ઉ.વ.આ. : ૬૫
ધર્મે. : હિન્દુ, વ્યવસાય : ખેતિકામ
રહે. C\o. નવનીતભાઈ એન. મકવાણા, એડવોકેટ એન્ડ નોટરી
૩, સરદાર કોમ્પલેક્ષ, ન.પા. કચેરી સામે, દામનગર
તા.લાઠી, જી.અમરેલી. મો.: ૯૪૨૯૪ ૭૮૧૬૮

-: વિરૂધ્ધ :-

સામાવાળા : - શ્રી જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રી શ્રી
ભટવદર ગ્રા.પં.કચેરી મુ. ભટવદર, તા.લાઠી, જી.અમરેલી.

**-// જાહેર નોટીસ //-**

**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ભટવદર ગામના રહિશ અરજદારના માતા સ્વ.કાશીબેન દિયાળભાઈ ભીંગરાડીયાનું મરણ તા.૧૮/૧૧/૨૦૧૬ ના રોજ મોજે ભટવદર, મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાનું રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૦/૧૧/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૧/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ :- લાઠી
તારીખ :-

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝી. મેજીસ્ટ્રેટ
લાઠી

# આજથી ચલાલાના ત્રિવેણી સંગમ માનવ મંદિરનો ત્રિદિવસીય આઠમો પાટોત્સવ શરૂ

ચલાલા, તા.૧૧

ચલાલા (દાનાભગત)માં મંજુ દીદીના માર્ગદર્શન હેઠળ છેલ્લા આઠ વર્ષથી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવતા ત્રિવેણી સંગમ માનવ મંદિર દ્વારા ત્રિદિવસીય આઠમા પાટોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૨ ડિસેમ્બર, શુક્રવારથી શરૂ થયેલા આ મહોત્સવમાં સુવિખ્યાત રામાયણી કથાકાર આદરણીય શ્રી રમાબેન હરિયાણીના સાનિધ્યમાં દરરોજ સાંજે ૪:૦૦ થી ૬:૩૦ સુધી શ્રીરામચરિતમાનસના પંચમ સોપાન, સુંદરકાંડ પર ધર્મ પ્રવચન યોજાશે. આ ઉપરાંત, ત્રણેય દિવસ ભાવિક ભક્તજનો માટે સાંજના મહાપ્રસાદ




(ભોજન)નું ભવ્ય આયોજન કરાયું છે, સાથે બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. મંજુ દીદી અને મંદિર પરિવાર દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ ધાર્મિક કાર્યક્રમોનો અમૂલ્ય લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જયસુખભાઈ, હાર્દિકભાઈ, પરેશભાઈ સહિતનો મંદિર પરિવાર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યો છે.

**:: જાહેર નોટીસ ::**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે અમો જમીનના માલીક દિનેશભાઈ બાબુભાઈ દુધાતની કબજા ભોગવટાની માલીકીની અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના દેરડી-જાનબાઈ ગામે આવેલ જુની શરતની ખેતીની જમીન જેના રે.સ.નં.૧૫૯ (જુનો રે.સ.નં.૧૭૪ પૈકી ૧), જેના કુલ હે.આરે.૩-૨૩-૧૫ ચો.મી. વાળી જમીન પુરેપુરી અથવા તે પૈકીના હિસ્સાનુ વેચાણથી આપવાનુ નકકી કરેલ હોય અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં ખરીદનારની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તથા જમીનનો કબજો સોપવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ કરીએ છીએ કે અમો યાને જમીનના માલીક સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવી ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધિકારના હકકો, પરત્વે કોઈ વ્યકતી, શખ્સ, સંસ્થા, પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલ્કત પરત્વેના ભરણ, પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૦૭ (સાત) માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નિચે જણાવ્યા મુજબના સરનામે પોસ્ટ દ્વારા રજીસ્ટર્ડ એડીથી જાણ કરવી આ સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો ઉપરોકત સર્વે નંબર વાળી જમીનના ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા (વેવ) કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે તેવુ માનીને વેચાણ વ્યવહારની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમોને કે ખરીદનારાઓને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.


પત્ર વ્યવહારનું સરનામુ :-
સોહીલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ)
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
સ્ટેશન રોડ, સોમનાથ કોમ્પ્લેક્ષ પહેલો માળ,
નગરપાલીકા કચેરીની સામે, મુ.લાઠી
તા.લાઠી, જી.અમરેલી. મો.નં.૭૬૯૮૧ ૯૨૧૯૧.

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
((દિનેશભાઈ બાબુભાઈ દુધાત)

# અરૂણાચલ પ્રદેશમાં ટ્રક ખીણમાં ખાબકતા ૨૨ મજૂરોના મોત નિપજ્યા

અંજાવ,તા.૧૧

અરુણાચલ પ્રદેશના અંજાવ જિલ્લાના હયુલિયાંગ વિસ્તારમાં ગુરુવારે બપોરે એક મોટો અકસ્માત થયો. એક ટ્રક ખીણમાં પડી જતાં ૨૨ મજૂરોના મોત થયા હતા. એવું જાણવા મળ્યું છે કે તેમાં ૨૫થી વધુ લોકો સવાર હતા. આ ઘટના હાયુલિયાંગ-છગલાગામ રોડ પર લૈલાંગ બસ્તી નજીક બની હતી જ્યારે આસામના તિનસુકિયાથી મજૂરોને લઈ જતો એક ટ્રક બેકાબુ થયો અને લગભગ ૧,૦૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડી ગયો હતો. આ મજૂરો કન્સ્ટ્રક્શન સાઈટ પર હયુલિયાંગ જઈ રહ્યા હતા.



તે બધા આસામના ગેલાપુખુરી ટી એસ્ટેટના રહેવાસી છે. અત્યાર સુધીમાં, ૧૩ મૃતદેહ મળી આવ્યા છે. એક વ્યક્તિ ઘાયલ છે. અંજાવ જિલ્લાના ડેપ્યુટી કમિશનર મિલો કોજિને પુષ્ટિ આપી કે આ અકસ્માત ખૂબ જ ખતરનાક પર્વતીય વળાંક પર થયો હતો. તેમણે કહ્યું કે રસ્તો ખૂબ જ સાંકડો અને ઘણા ભાગોમાં ઢાળવાળો છે. મજૂરો આ વિસ્તારમાં સરહદી માર્ગ બાંધકામ સ્થળ તરફ જઈ રહ્યા હતા. અકસ્માત બાદ, નજીકના ગ્રામજનો સૌથી પહેલા પહોંચ્યા અને મદદ પૂરી પાડવાનું શરૂ કર્યું. બાદમાં, પોલીસ, જિલ્લા વહીવટીતંત્ર અને સેનાની ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી. ખીણ ઊંડી હોવાને કારણે બચાવ કામગીરી મુશ્કેલ બની રહી છે.

# રાજસ્થાનના હનુમાનગઢમાં ઈથેનોલ ફેક્ટરીનો ઉગ્ર વિરોધ, ખેડૂતોએ રોષભેર સુત્રોચ્ચાર કર્યા

(એચ.એસ.એલ),જયપુર,તા.૧૧

રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લાના રથીખેડામાં ઈથેનોલ ફેક્ટરી સામે ખેડૂતોનો વિરોધ વધી રહ્યો છે. બુધવારે, ગ્રામજનોએ ભારે હોબાળો મચાવ્યો, આગ લગાવી અને સૂત્રોચ્ચાર કર્યા. તણાવને ધ્યાનમાં રાખીને, ગુરુવારે આ વિસ્તારમાં ભારે પોલીસ દળ તૈનાત રહ્યું. આખો વિસ્તાર છાવણીમાં ફેરવાઈ ગયો છે. વિસ્તારમાં ઈન્ટરનેટ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે.

ખેડૂતો છેલ્લા ૧૫ મહિનાથી રથીખેડા વિસ્તારમાં બની રહેલી ઈથેનોલ ફેક્ટરીનો વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે આ પ્લાન્ટ વિસ્તારમાં પ્રદૂષણ વધારશે, ભૂગર્ભજળના સ્તરને અસર કરશે અને ખેતીને નુકસાન પહોંચાડશે. હનુમાનગઢના એસપી હરીશ શંકરે જણાવ્યું હતું કે હિંસામાં કેટલાક



પોલીસકર્મીઓ ઘાયલ થયા છે, અને ઘણા લોકોની અટકાયત કરવામાં આવી છે. સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ટિબ્બી એસડીએમ ઓફિસની સામે ખેડૂતોનો મોટો મેળાવડો થયો. ત્યારબાદ, સાંજે લગભગ ૪ વાગ્યે, હજારો ખેડૂતો ટ્રેક્ટર સાથે રથીખેડામાં નિર્માણાધીન ફેક્ટરી સ્થળ પર પહોંચ્યા અને દિવાલ તોડી પાડી. આના કારણે પોલીસ સાથે ઘર્ષણ થયું, જે પછીથી હિંસામાં ફેરવાઈ ગયું. ગુસ્સે ભરાયેલા ટોળાએ તોડફોડ કરી અને ૧૮ વાહનોમાં આગ લગાવી દીધી.

# ગુજરાત સહિત ૬ રાજ્યોમાં ‘સર’ની પ્રક્રિયા માટે મુદ્દત લંબાવાઈ

ન્યુ દિલ્હી,તા.૧૧




ચૂંટણી પંચે ગુજરાત, મધ્ય પ્રદેશ, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશ સહિત કુલ છ રાજ્યોમાં ચાલી રહેલી SIRની પ્રક્રિયા માટે સમયમર્યાદા લંબાવી દીધી છે. મુખ્ય ચૂંટણી અધિકારીઓ તરફથી મળેલી વિનંતીઓ બાદ, EC એ તમિલનાડુ, ગુજરાત, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ અને અંદામાન-નિકોબાર ટાપુઓ માટે SIRનું સુધારેલું શેડ્યુલ જાહેર કર્યું છે. હવે ગુજરાતમાં SIR ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૧ ડિસેમ્બરથી લંબાવીને ૧૪ ડિસેમ્બર કરવામાં આવી છે. જ્યારે ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવાની તારીખ ૧૬ ડિસેમ્બરને બદલે ૧૯ ડિસેમ્બર કરવામાં આવી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં વધુ ૧૧ વિકાસશીલ તાલુકા જાહેર કર્યા, વાર્ષિક ૩ કરોડની ગ્રાન્ટ મળશે

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત રાજ્ય સતત વિકાસ અને સુશાસનની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. આ વિકાસયાત્રાને વધુ વેગ આપવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં વધુ ૧૧ તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ નિર્ણયથી રાજ્યના વિકાસમાં નવા તાલુકાઓની સીધી ભાગીદારી



વધશે અને સ્થાનિક સ્તરે સુવિધાઓ, માળખાકીય વિકાસ તથા સામાજિક સૂચકાંકોમાં ઝડપી સુધારો થશે. આ વિકાસશીલ તાલુકાઓને વિકાસ કામો માટે વાર્ષિક રૂ. ૨ કરોડ અને આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો ATVT અન્વયે વાર્ષિક રૂ. ૧ કરોડ મળી કુલ રૂ. ૩ કરોડની વાર્ષિક ગ્રાન્ટ વિકાસ કામો માટે મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં વધુ ૧૧ તાલુકાઓને વિકાસશીલ તાલુકાઓ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે. નીચેના ૧૧ તાલુકાઓને વિકાસશીલ તાલુકા જાહેર કરવામાં આવ્યા છેઃ કદવાલ (છોટાઉદેપુર), ઉકાઈ (તાપી), ગોવિંદ ગુરુ લીમડી (દાહોદ), સુખસર (દાહોદ), ચીકદા (નર્મદા), રાહ (વાવ-થરાદ), ધરણીધર (વાવ-થરાદ), ઓગડ (બનાસકાંઠા), હડાદ (બનાસકાંઠા), ગોધર (મહીસાગર), નાનાપોંઢા (વલસાડ) રાજ્યની સર્વગ્રાહી વિકાસ યાત્રામાં આ નવા ૧૧ વિકાસશીલ તાલુકાઓ પણ પોતાનું વધુ ઉત્કૃષ્ટ યોગદાન આપી શકશે.

# ગોવા અગ્નિકાંડ બાદ ફરાર થયેલા બંને માલિકોની થાઈલેન્ડમાં ધરપકડ

પણજી,તા.૧૧

ગોવાના બિર્ચ નાઈટ ક્લબમાં આગ લાગ્યાના પાંચમા દિવસે ક્લબના માલિકો અને ભાઈઓ સૌરભ અને ગૌરવ લુથરાની થાઈલેન્ડમાં ધરપકડ કરવામાં આવી છે. થાઈ પોલીસ સાથે બન્ને ભાઈઓના ફોટા સામે આવ્યા છે. તેમને હાથકડી લગાવેલી છે અને તેમના હાથમાં પાસપોર્ટ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય અધિકારીઓની એક ટીમ થાઈલેન્ડ જવા રવાના થઈ ગઈ છે અને ૨૪ કલાકની અંદર લુથરા બ્રધર્સને પાછા લાવશે. ભારત પાછા લાવ્યા પછી ગોવા પોલીસ તેમને કસ્ટડીમાં લે એવી શક્યતા છે. બ્રિચ નાઈટ ક્લબમાં ૬ ડિસેમ્બરના રોજ આગ લાગવાથી ૨૫ લોકોના મોત થયા હતા. ઘટના પછી બંને ભાઈ ભારત છોડીને થાઈલેન્ડ ભાગી ગયા હતા. બંને ભાઈ પર બિનઈરાદાપૂર્વકની હત્યા અને બેદરકારીનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. ઈન્ટરપોલે ભાઈઓ વિરુદ્ધ બ્લૂ કોર્નર નોટિસ જારી કરી હતી. આ બાજુ, ગોવા પોલીસે લુથરા બ્રધર્સના પાસપોર્ટ સસ્પેન્ડ કરી દીધા છે.

# યુપીમાં બે કાર અથડાતા આગ લાગી : કારમાં સવાર માતા સહિત ચાર બાળકોના મોત

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૧

ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લામાં એક દુઃખદ અકસ્માત થયો. પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર બે કાર અથડાઈ બાદ આગ ફાટી નીકળી. આ દુઃખદ અકસ્માતમાં એક પરિવારના પાંચ સભ્યોના મોત થયા. મૃતકોમાં એક માતા અને ચાર બાળકોનો સમાવેશ થાય છે. પાંચ અન્ય લોકો પણ ઘાયલ થયા છે, જેમાંથી બેની હાલત ગંભીર છે. વારાણસીના અને આઝમગઢમાં તૈનાત કોન્સ્ટેબલ જાવેદ અશરફની પત્ની, ત્રણ પુત્રીઓ અને એક પુત્રનું પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર હૈદરગઢના ડીહ ગામ નજીક એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. આ અકસ્માતમાં પાંચ લોકો પણ ઘાયલ થયા હતા, જેમાંથી બેની હાલત ગંભીર છે. બધાને લખનૌની હોસ્પિટલમાં દાખલ



કરવામાં આવ્યા છે.

બારાબંકીના એસપી અર્પિત વિજયવર્ગીયના જણાવ્યા અનુસાર, જાવેદ અશરફની પત્ની ગુલિસ્તા (૪૯), પુત્રીઓ સમરીન (૨૨), ઈલ્મા (૧૨), ઈશ્મા (૬) અને પુત્ર જિયાન (૧૦) સીએનજી વેગન આર કારમાં આઝમગઢથી લખનૌ જઈ રહ્યા હતા. આ કાર જાવેદના સાળા, જીશાન (૩૦), જે મઉ જિલ્લાના ખાનપુર ઘોસીનો રહેવાસી હતો, ચલાવી રહ્યો હતો. જીશાને પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર થોડીવાર માટે કાર રોકી હતી.

# ઉત્તર દિલ્હીના વઝીરપુરમાંથી જૂની ૫૦૦ અને ૧,૦૦૦ રૂપિયાની નોટોનો જથ્થો મળી આવ્યો

નવીદિલ્હી,તા.૧૧

ઉત્તર દિલ્હીના વઝીરપુર વિસ્તારમાં દરોડા દરમિયાન પોલીસે મોટી માત્રામાં જૂની નોટો જપ્ત કરી છે. ચલણમાંથી પાછી ખેંચી લેવામાં આવેલી નોટોનો જથ્થો મળી આવ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે તેઓએ ગેરકાયદેસર રોકડની હિલચાલ અંગેની ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરી હતી. દિલ્હી પોલીસે દરોડો પાડ્યો અને નવેમ્બર ૨૦૧૬ માં નોટબંધી પછી અમાન્ય જાહેર કરાયેલી જૂની ૫૦૦ અને ૧,૦૦૦ રૂપિયાની નોટોથી ભરેલી ઘણી બેગ જપ્ત કરી. પીપી ડબ્લ્યુપીઆઈએની દરોડા પાડતી ટીમે આ કેસમાં ચાર લોકોની ધરપકડ કરી છે. પોલીસના એક સૂત્રએ જણાવ્યું હતું કે નોટોથી ભરેલી બેગ લઈ




જતા ઘણા લોકોને સ્થળ પર અટકાયતમાં લેવામાં આવ્યા હતા. રોકડ પરિવહન માટે ઉપયોગમાં લેવાતા બે વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે, “અમે રોકડ ક્યાંથી આવી અને તેમાં સામેલ નેટવર્ક શોધવા માટે અટકાયતમાં લેવાયેલા લોકોની પૂછપરછ કરી રહ્યા છીએ.” તપાસ ચાલુ છે. જૂની નોટો રાખવા બદલ પોલીસે ધરપકડ કરેલા ચાર લોકોમાંથી ત્રણ દિલ્હીના રહેવાસી છે અને એક હિમાચલ પ્રદેશનો વતની છે.

# એશિયન ડેવલપમેન્ટ બેંકનો અહેવાલ : પાકિસ્તાન પાણીની ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યું છે

નવીદિલ્હી,તા.૧૧

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના પ્રથમ અહેવાલમાં જણાવાયું છે કે પાકિસ્તાન ભારે દેવા, નબળા રોકાણ અને ધીમા રોજગાર વૃદ્ધિ સાથે ઝઝૂમી રહ્યું છે. એશિયન ડેવલપમેન્ટ બેંકના બીજા અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે પાકિસ્તાન ગેરવહીવટમાં



ફસાયેલું છે અને ગંભીર પાણીની કટોકટીનો સામનો કરી રહ્યું છે. આઈએમએફે પાકિસ્તાનને ૧.૨ બિલિયનનું નવું ભંડોળ પૂરું પાડતી વખતે ચેતવણી આપી હતી કે દેશનો આર્થિક વિકાસ દર નાણાકીય વર્ષ ૨૦૨૬ સુધીમાં ઘટીને ૩.૨% થઈ જશે, જે તેની ૨૪૦ મિલિયન વસ્તીના વિકાસ દર સાથે લગભગ અસંગત છે. ફુગાવો પણ ઘટીને ૪.૫% થયો છે, જે અસ્થિરતા દર્શાવે છે.

# ભારતના વડાપ્રધાન મોદીને ઈટાલીની મુલાકાત લેવા આમંત્રણ આપતા જ્યોર્જિયા મેલોની

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૧

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ તેમના નાયબ વડાપ્રધાન અને વિદેશ પ્રધાન એન્ટોનિયો તૈઆની દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈટાલીની મુલાકાત લેવાનું આમંત્રણ મોકલ્યું છે. પીએમ મોદીએ પણ આમંત્રણ સ્વીકાર્યું છે અને કહ્યું છે કે તેઓ ચોક્કસપણે ઈટાલીની મુલાકાત લેશે.

ઈટાલીના નાયબ વડાપ્રધાન અને વિદેશ પ્રધાન એન્ટોનિયો તૈઆનીએ ગુરુવારે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા બાદ જણાવ્યું હતું કે તેમણે તેમના વડાપ્રધાન જ્યોર્જિયો મેલોની વતી વડાપ્રધાન મોદીને ઈટાલીની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું છે, અને પીએમ મોદીએ હા પાડી છે. તૈઆનીના મતે, મોદી ૨૦૨૬ માં ઈટાલીની મુલાકાત લેશે.

# ફ્લાઈટ રદ થતા ઈન્ડિગો મુસાફરોને નાણા રિફંડ ઉપરાંત વળતર ચુકવશે

નવી દિલ્હી,તા.૧૧

દેશભરમાં હવાઈસફરમાં કટોકટી સર્જનાર ઈન્ડિગો એરલાઈન્સ પર પડી રહેલ ભારે પસ્તાળ અને સરકાર પણ હવે એરલાઈન્સ સામે આકરા પગલા લઈ રહી છે તે પૂર્વે એરલાઈને તા.૩-૪-૫ ડિસેમ્બરના રોજ તેની સેંકડો ફ્લાઈટ કેન્સલ થતા તેનાથી પ્રભાવિત મુસાફરોને હવે ટિકિટના નાણા રિફંડ ઉપરાંત વળતર તરીકે રૂા.૫૦૦૦ થી રૂા.૧૦૦૦૦ના રોકડ વળતર ઉપરાંતનું હશે. આમ કેન્સલ ફ્લાઈટના યાત્રિકોને રૂા.૨૦૦૦૦ સુધીનો ફાયદો થશે. ઈન્ડિગોએ તેની રદ થયેલી ફ્લાઈટની ટિકિટનું રિફંડ મોટાભાગે ચુકવી દીધુ છે જે રૂા.૯૦૦ કરોડ જેવી રકમ થાય છે. આ રિફંડ ઉપરાંત જે વધારાના વાઉચર છે તે ટ્રાવેલ પોર્ટલ મારફત જેઓએ ટિકિટ બુક કરાવી છે તેઓને પણ મળશે.

રૂા.૧૦૦૦૦ના ખાસ વળતર વાઉચર આપવા જાહેરાત કરી છે. આગામી ૧૨ માસ સુધી ઉપયોગમાં લઈ શકાય તેવા આ વાઉચર મારફત ઈન્ડિગોની વિમાની સેવામાં કોઈ ચાર્જ વગર મુસાફરી કરી શકાશે. આ વાઉચર ડીજીસીએના નિયમ મુજબ જેની ફ્લાઈટ ઉડાનના ૨૪ કલાકમાં કેન્સલ થાય છે તે સમયે અપાતા

# નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી કોણ હશે તેની ચર્ચા કરવાનો મોહન ભાગવતનો ઈન્કાર

(એચ.એસ.એલ),ચેન્નાઈ,તા.૧૧

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ઉત્તરાધિકારી કોણ હશે, ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે ચર્ચામાં જોડાવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. ભાગવતે કહ્યું કે દેશના આગામી વડાપ્રધાન અંગેની ચર્ચા અને નિર્ણયો સંપૂર્ણપણે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને નરેન્દ્ર મોદી પર નિર્ભર રહેશે. પીએમ મોદીના ઉત્તરાધિકારી કોણ હશે તે પૂછવામાં આવતા મોહન ભાગવતે કહ્યું, “કેટલાક પ્રશ્નો મારા કાર્યક્ષેત્રની બહાર છે. તેથી, મારી પાસે આ અંગે કહેવા માટે કંઈ નથી.” તેમણે આગળ કહ્યું, “હું ફક્ત તેમને શુભકામનાઓ આપી શકું છું, બીજું કંઈ નહીં. મોદીજી પછી કોણ? તે મોદીજી અને ભાજપે નક્કી કરવાનું છે.” રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી સમારોહમાં હાજરી આપવા માટે ચેન્નાઈમાં ભાગવતના પ્રતિભાવને એક ખુલ્લા સંકેત તરીકે જોવામાં આવી રહ્યો છે કે સંઘનો ભાજપની અંદર ઉત્તરાધિકાર ચર્ચામાં સામેલ થવાનો કોઈ ઈરાદો નથી. તેમણે ૯ ડિસેમ્બરે આ નિવેદન આપ્યું હતું. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે જો ભારતને “વિશ્વગુરુ” તરીકે ઉભરવું હોય, તો જાતિ આધારિત અને ભાષાકીય વિભાજન દૂર કરવા પડશે.







સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



3 વર્ષ
અડગ નેતૃત્વ અને
અવિરત વિકાસનાં

## માનનીય મુખ્યમંત્રી
# શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
## અડગ નેતૃત્વ અને અવિરત વિકાસનાં 3 વર્ષ







### કરુણામય અને કટિબદ્ધ

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ **4 લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણક્ષમ આહારનો લાભ**

PMJAY હેઠળ **₹10 લાખ સુધીની નિઃશુલ્ક સારવાર**

નમો લક્ષ્મી યોજના થકી **10 લાખથી વધુ વિદ્યાર્થિનીઓને મળી આર્થિક સહાય**

મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત **1 લાખથી વધુ સ્માર્ટ ક્લાસનું નિર્માણ**

નારી સશક્તિકરણ માટે મહિલાલક્ષી **200થી વધુ યોજનાઓનું અમલીકરણ**

**માતા મૃત્યુદરમાં 50%** અને **બાળ મૃત્યુદરમાં 57%**નો નોંધપાત્ર ઘટાડો

### નિર્ભય અને નિર્ણાયક

**સરકારી જમીનો પરનું ગેરકાયદેસર દબાણ** દૂર કરી અનેક સમસ્યાઓનું નિરાકરણ

ગુજરાતની શાંતિ અને સલામતીને વધુ સુનિશ્ચિત કરવા **પોલીસ ભરતીની જાહેરાત**

**પ્રોજેક્ટ VISWAS** હેઠળ ગુજરાતમાં **7000થી વધુ CCTV કેમેરા**નું વિશાળ નેટવર્ક

નીતિ આયોગની તર્જ પર ગુજરાતમાં થિન્ક ટેન્ક **GRITની સ્થાપના**

તમામ પ્રકારની ઇમરજન્સી સેવાઓ માટે **હેલ્પલાઇન નંબર 112ની શરૂઆત**

મહેસૂલી કાયદાઓનું **સરળીકરણ**

**9 નગરપાલિકાઓને** મહાનગરપાલિકાનો દરજ્જો

### ઊર્જાવાન અને ઉદ્યમશીલ

**ગુજરાતને મળી કોમનવેલ્થ ગેમ્સ-2030ની યજમાની**, વૈશ્વિક કક્ષાનું સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રાજ્યમાં 24 સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ કાર્યરત


**ચાર સેમિકન્ડકટર પ્લાન્ટ્સ** થકી યુવાઓ માટે રોજગારની વિપુલ તકો

સ્ટાર્ટઅપ રેન્કિંગમાં **સતત ચાર વાર ગુજરાત બન્યું બેસ્ટ પર્ફોમર સ્ટેટ**

UNESCO એ જાહેર કર્યો **ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો'**

UNWTO દ્વારા ધોરડોને વિશ્વના **શ્રેષ્ઠ ટુરિઝમ વિલેજ** તરીકેનું સન્માન

જનજાતીય ગૌરવ દિનઃ **₹2 લાખ કરોડનું બજેટ સાથે જનજાતીય કલ્યાણ યોજનાની શરૂઆત**



" નિર્ણાયકતા અને સ્પષ્ટ દૃષ્ટિકોણ સાથે, ગુજરાતનો સર્વાંગી વિકાસ જ અમારો અટલ સંકલ્પ છે. "

- **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત